


# આપણું મંદિર



# આપણું મંદિર

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

शिक्षापत्री, ११६




*પ્રકાશક :*

**શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર**
'તાડદેવ', કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોકવિહાર-૩
દિલ્હી-૧૧૦ ૦૫૨ (ભારત) ફોન: ૦૧૧-૨૭૩૦ ૧૩૨૭
ઇ-મેઈલ: taaddev@ydsd.org

*પ્રથમ આવૃત્તિ :*

**ગુરુહરિ પ.પૂ. કાકાશ્રી સાક્ષાત્કાર હીરક જયંતી દિન**
૩જી ફેબ્રુઆરી ૨૦૧૨, શુક્રવાર

*પ્રત :* ૧૦૦૦

*કિંમત :* ₹ ૩૦૧/-

*ટાઈપ સેટિંગ :*

**અક્ષરજ્યોતિ મહિલા કેન્દ્ર**
'તાડદેવ', કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોકવિહાર-૩
દિલ્હી-૧૧૦ ૦૫૨ (ભારત) ફોન: ૦૧૧-૨૭૩૦ ૫૧૯૯
ઇ-મેઈલ: aksharjyoti@ydsd.org

*મુદ્રક :*

**પ્રીતિકા પ્રિંટર્સ**
એ ૨૧/૨૭, નારાયણા ઇન્ડસ્ટ્રીયલ એરિયા
દિલ્હી-૧૧૦ ૦૨૮ (ભારત)


'CARING' thy name is 'GURUJI'
योगी
परिवार
2012
आनंदोत्सव
युवकों
गृहस्थों
बहनों
3 FR 4 SA 5 SU
February

ગુજરાતી સમાજની જય

॥ સ્વામિશ્રીજી ॥

સ્વસ્તિક, જળ, તેમાં કમળ, તેની ઉપર દીપક, તેની જ્યોત અને તેમાંથી ચોમેર-સર્વત્ર રેલાઈ રહેલો પ્રકાશ– એમ છ ચિહ્નના સમાવેશથી **'ગુણાતીત સમાજ'**નું પ્રતીક તૈયાર થયું છે.
સદીઓથી આપણી સંસ્કૃતિમાં ચાર પાંખવાળા **'સ્વસ્તિક'**નો એક મંગલ ચિહ્ન તરીકે સ્વીકાર થયો છે.
એમાં ગુણાતીત સમાજની ચાર પાંખો રૂપે માંગલ્ય રૂપ દીક્ષિત સંતો, વ્રતધારી-યુવકો, બહેનો અને ભગવાન તેમજ સંતને સમર્પિત ગૃહસ્થીઓને આવરી લેવાયા છે.
આજથી બસો ત્રીસ વર્ષ પૂર્વે (રામનવમી-૧૮૩૭) અતિ કરૂણા કરી ભગવાન સ્વામિનારાયણે પૃથ્વી પર મનુષ્ય અવતાર ધર્યો
અને માનવ માત્ર માટે મૂળ અજ્ઞાનનો નાશ કરી આત્યંતિકી મુક્તિ સુલભ કરી. ત્યાર બાદ તેમને અખંડ ધારી રહેનાર અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામીએ
મહારાજના સર્વોપરીપણાનું પ્રતિપાદન કરી, અક્ષરરૂપ થઈ, પરબ્રહ્મની ભક્તિનો **'અર્ચિમાર્ગ'** ખુલ્લો મૂક્યો.
એ પછી આજ સુધીના તેમના અનુગામી ગુણાતીત સત્પુરૂષોએ એ જ કાર્ય ચાલુ રાખ્યું. **'કમળ'** આવા સત્પુરૂષનું પ્રતીક છે.
આવા સત્પુરૂષો **'જળ'**રૂપી અંધકાર કે જગતથી અલિપ્ત જ રહે છે. જગતમાં રહેવા છતાં જગતના પાશ તેમને લાગતા નથી.
તેમને ઓળખી, તેમનો આશરો કરી જે જીવ ભગવાન અને સંતને કેન્દ્રમાં રાખી જીવન જીવવા માંડે
તે વચનામૃત વડતાલના ૧૯ મુજબ **'ભક્ત'** બને છે અને સત્પુરૂષની ઈચ્છા એ જ તેનાં પ્રારબ્ધ બને છે.
કાળ-કર્મ-માયાનો કાયદો તેના પર ચાલતો નથી. એ બ્રહ્મનિયંત્રિત જ હોય છે.
આવા ભક્તો ગમે તે 'આશ્રમ'માં હોય, અર્થાત્–સંતો, વ્રતધારી યુવકો, બહેનો કે સમર્પિત ગૃહસ્થી હોય–
તેમના સંબંધમાં આવનાર જીવ પણ એકાંતિકપણાને માર્ગે ચાલવા માંડે એમ એની ચેતનાનો વિકાસક્રમ મહારાજ ગોઠવી દે છે;
કારણ કે એવા ભગવદી કે એકાંતિક **'ચૈતન્યમાધ્યમ'** તરીકે જ વર્તતા હોય છે. તે જે સત્યસંકલ્પ કરે તે **'દીપક'** કહેવાય.
તેમાં મહારાજનો અનુગ્રહ એટલે કે પરાશક્તિ ભળે તેથી એ જીવમાં દિવ્યભાવની **'જ્યોત'** ગુણાતીત અસ્મિતારૂપી સુહૃદ્‌ભાવનો **'પ્રકાશ'** ફેલાવે છે
અને એ રીતે સમગ્ર ગુણાતીત સમાજમાં સર્વત્ર દિવ્યભાવ અને સુહૃદ્‌ભાવ રેલાય છે ને જ્યોત થકી જ્યોત પ્રગટતી જાય છે.
કેવળ વૃત્તિ પર ચાલતું પ્રાણી 'પશુ' અને બુદ્ધિથી નિયંત્રિત સર્વોપરી પ્રાણી 'માનવ' ગણાયું.
ગુણાતીત સ્વરૂપોએ બસો વર્ષમાં માનવમાંથી 'મહામાનવ'નું નૂતન સર્જન કર્યું. એ શું ?
તો, બુદ્ધિથી પર જે સાકાર બ્રહ્મ–ગુણાતીત દ્વારા નિયંત્રિત મહામાનવનું સર્જન કર્યું અને...માનસિક, અલૌકિક કે સિદ્ધદશાની ભૂમિકાથી પરનો–બૌદ્ધિકવાદથી પરનો
કેવળ બ્રહ્મનિયંત્રિત જીવનમુક્તોનો–મહામાનવનો સમાજ–**'ગુણાતીત સમાજ'** અસ્તિત્વમાં આવ્યો.
એમના અલ્પ સંબંધમાં જે આવે તેનું પણ મહારાજે કહ્યું, *અમે કલ્યાણ કરીશું*; એ સંબંધ એટલી હદ સુધીનો કે–
જે ઝાડ નીચે એ બેસે, જે ગાયનું એ દૂધ પીએ, જેના ઘરનું એ પાણી પીએ કે પાય એ સહુનું કલ્યાણ કરવાની કરૂણાસભર દૃષ્ટિ પ્રભુએ રાખી. એ એમની કેવી સર્વોપરિતા!
શિક્ષાપત્રીના શ્લોક ૧૧૬ પ્રમાણે 'નિજાત્માનં બ્રહ્મરૂપં...' એ જ આ સમાજના મુક્તોનું અંતિમ લક્ષ્ય હોય છે.
તેથી જ, આવા જીવનમુક્તોના સમાજના એટલે કે 'ગુણાતીત સમાજ'ના જયઘોષ દ્વારા આપણાં પ્રચલિત ભજનની ધ્રુવપંક્તિ–

**'જોગીએ સ્થાપ્યો બ્રહ્મસમાજ, એના સભ્ય બની જઈએ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની આજ સેવા કરવા શરણ લઈએ.'**

સાર્થક થાય છે.

[ પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજી સાથેની સૌથી પહેલી વાતચીત 'સૂર્ય'ના વિષયે શરૂ કરેલી અને... ૧૯૮૬ના જાન્યુઆરીની ૨૫મીએ સૂર્યના જ આશીર્વાદ આપી એની પૂર્ણાહુતિ કરી!
ઘટના એવી હતી કે ૧૯૫૩માં મુંબઈના સુંદરાબાઈ હૉલમાં પ.પૂ. ગુરૂજીએ પ.પૂ. યોગીબાપા અને પ.પૂ. કાકાશ્રીનાં પહેલી વાર દર્શન કરેલાં અને પ.પૂ. બાપા પાસે એમની મૂર્તિ માગેલી;
ત્યારે પ.પૂ. બાપાએ એમને કહેલું– *દાદુભાઈ સાહેબને મળજો, એમની પાસે મળી જશે.* આમ, **પ.પૂ. બાપાનું આ પહેલું જ ચરિત્ર પ.પૂ. ગુરૂજી માટે ખૂબ સાંકેતિક અને રહસ્યભર્યું હતું કે– પ.પૂ. કાકાશ્રી તમારી ચેતનાના માર્ગદર્શક રહેશે.**
એક-બે દિવસ પછી પ.પૂ. ગુરૂજી તાડદેવ ગયા અને પ.પૂ. કાકાશ્રી પાસે પ.પૂ. બાપાની મૂર્તિ માગી. પ.પૂ. કાકાશ્રીએ એમને ઑફિસે આવવા જણાવ્યું. પ.પૂ. ગુરૂજી પ.પૂ. કાકાશ્રીની ઑફિસે ગયા.
ત્યાં પ.પૂ. કાકાશ્રીએ મૂર્તિ એમને આપી અને વાત-વાતમાં બોલેલા–
*આ યોગીજી મહારાજ એક સૂર્ય છે. સૂર્ય 'પ્રગટ' નહીં હોય તો અંધકાર જાય નહીં. એમ ભગવાન પણ 'પ્રગટ' હોવા જોઈએ અને **સ્વામિનારાયણ ભગવાનનું આ અસાધારણ વરદાન છે.***
પછી પોતાની છાતી પર હાથ મૂકી બોલ્યા–*બાપા તો 'સૂર્ય' છે જ, પણ **બાપાના પ્રતાપે હું પણ એક 'સૂર્ય' છું.*** **આશ્ચર્યની વાત છે કે પહેલી જ મુલાકાતે પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજીને આ ગૂઢ રહસ્યની વાત કરી!**
આમ સૂર્યની વાતથી એમણે ૧૯૫૩માં પ.પૂ. ગુરૂજીને પોતાનો સંબંધ આપ્યો અને ૧૯૮૬ની ૨૫મી જાન્યુઆરીએ છેલ્લી વાર જ્યારે સ્થૂળરૂપે પ.પૂ. ગુરૂજીને મળ્યા
ત્યારે સૂર્યના અનુસંધાને જ આશીર્વાદ આપ્યા–***'આકાશમાં પેલો સૂર્ય, હું પણ સૂર્ય ને તમારા હૃદયાકાશમાં ય સૂર્ય છે – જાવ, આજથી ત્રણે ય એક!'***
પ.પૂ. પપ્પાજીના શબ્દોમાં– ***'આ ગુરૂએ કરેલો શક્તિપાત હતો!'*** અને... સાધુની સિદ્ધિની આ જ પરાકાષ્ઠા છે.]

**સૂર્યને અનાદિ કાળથી સકળ સૃષ્ટિનો આધાર ગણવામાં આવ્યો છે. સૂર્ય બ્રહ્માંડનું કેન્દ્ર છે ને તેની આસપાસ બધા જ ગ્રહો પરિક્રમા કરે છે.**
**સૂર્ય દ્વારા જ આપણને પ્રકાશ મળે છે, અંધારું દૂર થાય છે. સૂર્યથી જ આપણા જીવનના પ્રત્યેક દિવસનો પ્રારંભ થાય છે. સૂર્ય દ્વારા જ આપણને ઉષ્મા અર્થાત્ ગરમી મળે છે.**
**સૂર્ય દ્વારા જ ઉર્જા અર્થાત્ શક્તિ મળે છે. સૂર્યના પ્રકાશથી ધાન્યનાં અંકુરો વિકસે છે. આમ સૂર્ય સચેતનતા અને સંજીવનીનું પ્રતીક છે; નિશ્ચલતા અને સનાતનતાનું પ્રતીક છે.**
**પૃથ્વીના, પોતાની ધરી પરના, પરિભ્રમણને કારણે આપણને સૂર્યના ઊગવાનો અને આથમવાનો ભ્રમ થાય છે, પરંતુ વાસ્તવમાં તો એને ઊગવાનું કે આથમવાનું હોતું જ નથી.**
**સૂર્ય નિરપેક્ષતાનું પ્રતીક છે. તે આપણને જે આપે છે તેમના બદલામાં આપણી પાસેથી તેને કશાની અપેક્ષા નથી.**
**ખરેખર તો તે આપણાથી એટલો બધો ઊંચે ને દૂર છે કે–તેને કશું આપવું તો શું, તેની નજીક પણ આપણાથી પહોંચી શકાય એમ નથી. સૂર્ય સાતત્યતાનું પ્રતીક છે.**
**કરોડો વર્ષોથી એ પ્રકાશમાન રહ્યો છે. સૂર્ય પરોપકારનું પ્રતીક છે. પોતે સળગીને, તકલીફ સહન કરીને આપણને ગરમી, શક્તિ, પ્રકાશ આપે છે. સૂર્ય આપણને શીતળતા પણ આપે છે.**
**ચંદ્રનો આહ્‌લાદક ને શીતળ પ્રકાશ ખરેખર તો સૂર્યનો પરાવર્તિત થયેલ પ્રકાશ જ છે. સૂર્યને પાવક પણ કહેવાયો છે,**
**કારણ તેનો તડકો વાતાવરણને સ્વચ્છ અને નિરોગી બનાવે છે, હવાને શુદ્ધ અને જંતુમુક્ત કરે છે.**
**સૂર્યની આવી અનેક વિશિષ્ટતાઓને કારણે સમર્થ ગુરૂને–ગુણાતીત સત્પુરૂષને સૂર્યની ઉપમા આપવામાં આવી છે.**
**સત્પુરૂષરૂપી સૂર્યથી જ આપણું આંતરિક તમસ દૂર થઈ આપણામાં દિવ્ય જ્ઞાન અને ચેતનાનો પ્રકાશ થાય છે, આપણને નવી ઉર્જા મળે છે.**
**સ્વામિનારાયણ ભગવાને જે પાંચ દેવને માન્ય કર્યા છે તેમાં એક સૂર્ય છે.**
**પ.પૂ. કાકાશ્રી પણ ગુણાતીત સત્પુરૂષ માટે સૂર્યની ઉપમા આપતા કહેતા કે–સત્પુરૂષની કૃપા સૂર્યસમાન એકસરખી સર્વ જીવપ્રાણીમાત્ર ઉપર સરખી સતત વરસી રહી છે.**
**વળી આકાશનો સૂર્ય, સત્પુરૂષરૂપી સૂર્ય અને આપણા આત્મામાં વિરાજમાન સત્પુરૂષરૂપી સૂર્યને એક કરી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિએ પહોંચવા તેઓ સહુને અનુરોધ કરતા.**
**અને... આરંભમાં જણાવ્યું એમ – કેવળ-કેવળ અનુગ્રહે કરીને પોતે પસંદ કરેલાં પાત્રો પર એનો 'શક્તિપાતે'ય કર્યો!**
**પ.પૂ. કાકાશ્રી પોતે સ્વયં સૂર્ય સમા ગુણાતીત સત્પુરૂષ હતા.**
**સૂર્યની જેમ અનેક દિવ્ય કલ્યાણકારી ગુણોથી તેમનું વ્યક્તિત્વ ને સમગ્ર જીવન સભર હતું.**
**તેથી પ.પૂ. ગુરૂજીએ સૂર્યમાં પ.પૂ. કાકાશ્રીના હસ્તાક્ષરને મૂકી આ પ્રતીક પ્રચલિત કર્યું.**
**આપણે આવા અનુપમ વિરલ સત્પુરૂષ માવતર તરીકે પામ્યા, એ વાતનો ગર્વ અને ધન્યતાની અનુભૂતિ આ પ્રતીક કરાવે છે.**
**પ.પૂ. કાકાશ્રીને શું અંજલિ અર્પી શકીએ? એટલું જ પ્રાર્થીએ–*કાકા હે! અમર રહો, હૃદયાકાશે સદા રહો...***



એક પ્રસિદ્ધ સાખી છે–

**સંસાર શું સરસો રહે ને મન મારે પાસ,**
**સંસાર જેને લાગે નહીં તે જાણ હરિનો દાસ**

ઈ.સ. ૧૯૭૭માં પદ્મમાર્ગની શિબિર વખતે પ.પૂ. પપ્પાજીએ આ પ્રતીક પ્રચલિત કરેલું.
સમય ગુજરતા એ **પ.પૂ. પપ્પાજીના** જ **પ્રતીક** રૂપે પ્રસિદ્ધિને પામ્યું.
ભક્તપણાની કંઈક આવી જ પરમ પાવનકારી સ્થિતિનું એ પ્રતિપાદન કરે છે.
**'પદ્મ'** અર્થાત્ કમળ કાદવમાં ઊગે છે.
એટલે જ એનું બીજું નામ 'પંકજ' અર્થાત્ કાદવમાં જન્મેલું–એ ય છે.
આ એક ફૂલ એવું છે જે કાદવમાં હોવા છતાં, કાદવની ગંદકી કે દુર્ગંધથી અલિપ્ત છે.
આ પ્રતીકમાં–
પાણીથી લબાલબ કાદવમાં રહેલા કમળ રૂપે
જગતના-સંસારના કલુષિત વાતાવરણમાં રહેલો **'ભક્ત'** દર્શાવાયો છે.
સૂર્ય તરફ દૃષ્ટિ રાખી એની શક્તિને કમળ ઝીલે છે તેથી નથી એ કાદવથી ખરડાતું કે
નથી એમાં તેની દુર્ગંધનો રંચમાત્ર આભાસ! બલ્કિ એની સુગંધ તો અતિ આહ્લાદક છે.
તેમ જ સંસારમાં-જગતમાં રહેલો ભક્ત ભલે એમાં ગમે એટલો લથબથ રહ્યો હોય,
પણ ભગવાન અને સંત જ એના જીવનમાં કેન્દ્ર સ્થાને હોય,
તો એને જગતનો-સંસારનો પાશ નહીં લાગે.
એ તેનાથી અલિપ્ત જ રહે.
પ્રતીકમાં **'આંગળી'** દ્વારા પ્રત્યક્ષ **'ગુણાતીત સ્વરૂપ'**ને દર્શાવી એ જ નિર્દેશ આપ્યો છે કે–
પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપ એવા જીવને સતત ને સદૈવ પ્રભુમય જ રાખી,
એને **સૂર્યરૂપી** સહજાનંદનો પૂર્ણ સંબંધ કરાવી, અક્ષરધામ રૂપ બનાવી એનું તન તેજોમય બનાવી,
શાશ્વત્ સુખનો ભોક્તા કરી એના જીવનમાં ધન્યતા પ્રગટાવી દે છે.
કમળ જેમ દાંડીથી છૂટું નથી પડતું, તો કાદવમાં ખૂંપી જતું નથી કે જળમાં ડૂબી જતું નથી,
એમ સ્વધર્મ અને નિષ્ઠામાં દૃઢ રહ્યો થકો ભક્ત
સત્પુરૂષની અનુવૃત્તિ પ્રમાણે સેવા-પ્રવૃત્તિ-કર્મયોગ કરતો રહે, તો તે નિર્ગુણ જ છે.
એક શબ્દપ્રયોગ છે–**'જળકમળવત્'** અર્થાત્
જળ અને કાદવમાં રહ્યું હોવા છતાં કમળ જેમ નિર્લેપ છે,
તેમ તે ભક્ત પણ દેહભાવ ને જીવભાવથી પર અખંડ ગુણાતીતભાવમાં રહી,
સહજાનંદરૂપી સૂર્યના પ્રકાશને પામી, નિર્દોષ ને નિષ્કામ બની સર્વોચ્ચ ધન્યતા અનુભવતો થકો
પોતાની આગવી સૌરભ ફેલાવી સહુને ધન્ય કરે છે.
વાસ્તવમાં આ જ છે સદ્યસાધનાનો **'સંતમાર્ગ'**.
એને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ **'અર્ચિમાર્ગ'** તરીકે ય ઓળખાવ્યો છે.
પ.પૂ. કાકાશ્રીએ એને મૂંઝવણ-તકલીફ-વિઘ્ન વગરનો સાધનામાર્ગ કહી બિરદાવ્યો છે.



જેમ બળિરાજાને ઘેર ભગવાન આજ સુધી પહેરો દે છે,
એમ દાદુભાઈએ શાસ્ત્રીજી મહારાજને બાંધ્યા છે.

*– ગુરુહરિ યોગીજી મહારાજ*

# તારું સઘળું તેં તો હોમ્યું, એક 'જોગી'ને કાજ...
# પાયામાં પૂરાયો છે તું, મહેલ ભલે આલીશાન

- દિલ્હીનું પ્રભુકૃપાથી ખૂબ સરસ શોભી ઊઠશે,
  નિષ્ઠાવાળા ભક્તો તમોને મળી આવશે ને ભારે ડંકો વાગશે તેની પ્રાર્થના કરું છું. (૧૯.૯.૭૪)

- પાટનગરમાં શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે ખૂબ જ સત્સંગ વધવાનો છે, તેમાં નિમિત્ત તમારે બનવાનું છે.
  તમારા ઉપર મારો અંતરનો રાજીપો છે. તો જરાય ગભરાયા વગર નિધડક કામ કરશો.
  આપણા આખા સંપ્રદાયમાં દિલ્હીનું સેંટર અનોખું થવાનું છે જ અને તમારે એમાં નિમિત્ત બનવાનું છે. (૧૯૭૫)

- તમે સંપૂર્ણ ભરોસો મ્હારા જેવી મિસ્ટિરિયસ વિભૂતિનો કર્યો, તો ખૂબ ખૂબ ખાટી જશો. (૧૧.૯.૭૬)

- **હે આનંદસ્વામિજી –**
  હવે હરિયાણા ને પંજાબનો ઉદ્ધાર કરો-ઉદ્ધાર કરો. વખત પાકી ગયો છે. (૭.૧૧.૭૭)

- મુશ્કેલીમાં કાકા તો છે જ ને તમારા જ અંગત રહીને ભળીશું.
  દિલ્હી તો પાટનગર, તેથી તેની અગત્યતા પણ ઘણી. ત્યાં ઘણો વિકાસ થશે...
  ક્યાંક ઊણપ લાગે તો કાકાજી તો અખંડ તૈયાર જ બેઠેલા છે.
  ત્રણમાં ભેદભાવ નહિ. તમોને નથી, તેથી મ્હને ખૂબ જ શાંતિ છે.
  ભવિષ્યમાં ભારે કામનો ડંકો વાગશે
  ને
  આખો સત્સંગ જોઈ રહેશે કે વાહ, પૂ. મુકુંદજીએ ભારે કરી!
  આપણે અક્ષરપરૂષોત્તમના ગુણાતીતજ્ઞાનવાળા–તે વિશ્વધર્મ થયો.
  માટે,
  સર્વદેશીય સમજણ રાખી કામ લો છો, તેથી ધીરે ધીરે સારો સમાસ થશે. (૩૧.૭.૭૮)

- તમારી સાધનાની પૂર્ણાહુતિ થઈ પ્રભુનું કાર્ય કરતા જ બનો

તેવી અભિલાષા સેવતો રહ્યો છું ને અડધી રાત્રે પણ તમારા કામમાં ઊભો રહીશ.
તો પછી ચિંતા ક્યાં? (૧૮.૬.૭૯)

- અમારા કૃપાપાત્ર છો. તો, પ્રભુનું જ કામ જરૂર પ્રભુ કરશે જ.
ચિંતા કરતા નહીં. કેવળ મૂર્તિને જ બધું કરવા દેશો.
આપણે સ્મરણ કરતા રહેવાનું ને ભાવના એ કે પ્રભુ તું જ સુઝાડજે. (૧૮.૬.૭૯)

- તમારી સમજણને ધન્ય છે. પ્રભુ અદ્‌ભુત કાર્યો, સત્કર્મો કરાવશે જ.
જરાય-જરાય ચિંતા કરતા નહીં... તમારા થકી મોટાં મોટાં કામ કરાવવાનાં છે. (૨૩.૪.૮૦)

- અમો ય ખુલ્લી મદદ કરીશું જ... તમારા સંકલ્પમાં ને પ્રાર્થનામાં ય અમોઘ બળ છે. (૧૯૮૦)

- તમોને ત્યાંનું મંડળ ખૂબ સાથ આપશે જ. (૧૬.૧૧.૮૨)

- તમારા સંકલ્પમાં ખૂબ બળ હોય છે. (૧૨.૧.૮૩)

- શા આશીર્વાદ અંગતને–દીકરાને આપવાના હોય?
...કેવળ જ કેવળ આધ્યાત્મિક ભૂમિકામાં જ– Divine consciousnessમાં અખંડ જાણપણે રહેવાના
સનાતન કાર્ય દિલ્હીમાં પણ મંદિર થતાં અચૂક થશે જ
ને
ગુણાતીતજ્ઞાનના સંદેશા દિલ્હીથી પણ વિશ્વમાં પ્રસરશે–તેવા શુભાશીષ છે.
શરત ફક્ત–
સદ્‌ભાવ ને સુહૃદ્‌ભાવની જ છે. જોડમાં જ કામ કરવાની છે.
...દિલ્હીના ભક્તોએ અમારું ખૂબ જ શોભાડ્યું.
પરિણામે હવે સુંદર–સર્વોત્તમ મંદિર
ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ ને પૂ. યોગીજીના સંકલ્પે જ જોતજોતામાં થઈ જ જશે.
...તમારા સંકલ્પે ને પ્રાર્થનાથી ઝપાટાબંધ મંદિર પ્રભુજી કરી દેશે ને સૌનેય સેવાનો લાભ મળશે
ને

તેટલું બમણું જ પ્રભુ જરૂર જરૂર આપી જ દેશે તેની ખાત્રી રાખજો.
...કોઈનું ય જરાય જોવાનું જ નહિ. પ્ર. ૧૬ મુજબ અંતર્દૃષ્ટિ ને પ્રાર્થના જ.
જુઓ, કેવો ચમત્કાર સર્જાય છે.
જય જયકાર થઈ જાશે. (૧૧.૩.૮૩)

◆ દિલ્હીમાં પ.પૂ. બાપાનો દિવ્ય સંકલ્પ –
૮૪ બંદરનો વાવટો ફરકશે જ તેની ખાત્રી રાખજો. (૨૨.૬.૮૩)

◆ તમે બહુ ચિકિત્સાવાળા સમજુ ને મ્હારા પ્રત્યે વિશિષ્ટ હેતવાળા છો
તેની મ્હારે વિશ્વાસપૂર્વકની પ્રતીતિ છે.
તો દિલ્હીમાં સર્વોપરિ જ સમજણવાળો આત્મબુદ્ધિ ને પ્રીતિવાળો –
છે. ૧૧ જેવો સીતાજીની સમજણવાળો સમાજ તૈયાર કરવામાં જ
સાચી દ્વિશતાબ્દી ઊજવી ગણાશે.
તો હવે મોટું મંદિર થઈ જાશે ને દેવદેવીઓ સામેથી આવી કરી જશે.
આપણે તો કેવળ જ મૂર્તિમાં રહીને જ સર્વ ક્રિયાઓ કર્યે જાવ. (૧૦.૧૨.૮૫)

બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરુજી અને દિલ્હી મંદિર પર વારંવાર વરસાવેલા અનરાધાર આશીર્વાદ આજે સાકાર થયેલા દેખાય છે. બીજી બાજુ પ.પૂ. ગુરુજીની અનુપમ ગુરુભક્તિનાં ય દર્શન થાય છે. 'તાડદેવ' મંદિરનું–'અમારું મંદિર'નું સંક્ષિપ્ત દર્શન કરાવતી આ પુસ્તિકા પ્રકાશિત કરતાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તેમજ સર્વે ગુણાતીત સ્વરૂપોનાં શ્રી ચરણોમાં પ્રણામપૂર્વક એ જ પ્રાર્થના કે **આ મંદિરે આવનાર દરેકને-એકે એકને એ પોતીકું જ લાગે** અને એ માટે પ.પૂ. ગુરુજીએ જેમ પોતાનું આખું તંત્ર કાકામય જ કરી દીધું તેમજ એમના સંબંધે ને બળે અમો સહુ અમારું તંત્ર કાકાજીમય-ગુરુજીમય કરી દઈએ...

**આવો, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાશ્રીના સાક્ષાત્કારની હીરક જયંતી અને પ.પૂ. ગુરુજીના ૭૫મા પ્રાકટ્ય ઉત્સવ**ની સ્મૃતિઓને ચિરંજીવ રાખવા 'તાડદેવ' પરિસરના કણ-કણમાંથી મહેકતી પ.પૂ. ગુરુજીની પરાભક્તિની ફોરમ માણીએ...

યોગી પરિવાર હીરક આનંદોત્સવની જય હો! જય હો! જય હો!
**રાકેશ શાહ**ના પ્રણામસહ જય સ્વામિનારાયણ
૩જી ફેબ્રુઆરી ૨૦૧૨, શુક્રવાર

## ‘આ તમને હું નથી મોકલતો, પ.પૂ. બાપાની ઈચ્છા છે ને તમારે જવાનું છે...’

*– પ.પૂ. કાકાશ્રી*

### 1967



IPSRનું બિલ્ડીંગ
જ્યાં પ.પૂ. ગુરૂજી સહુથી પહેલાં દિલ્હી આવીને ઊતર્યા.

### 1969




ભારત સાધુ સમાજનું બિલ્ડીંગ
જ્યાં ઘણું કરીને પ.પૂ. ગુરૂજી પછી ઊતરતા.

### 1974



અશોકવિહાર એ-૧૧૬ નંબરનું મકાન
જ્યાં ૧૯૭૪માં કાયમ દિલ્હી રહેવાની પ.પૂ. કાકાશ્રીએ આજ્ઞા કરી.

# 1975




અશોકવિહાર એ-૫૪ નંબરનું મકાન
જ્યાં નવ મહિના રહી સત્સંગના કાર્યમાં રત રહ્યા.

# 1976



અશોકવિહાર એ-૧૦૩ નંબરનું મકાન
જ્યાં ૧૭ વરસ ને ૭ મહિના સુધી એકધારું રહી એક દિવ્ય કુટુંબનું સર્જન કર્યું.

# 1985



દિલ્હી મંદિરની જમીનને તીર્થત્વ પ્રદાન કરતાં
પ.પૂ. કાકાશ્રી...

*તમારે માટે નવી દિલ્હીમાં*
*'આઈ.પી.એસ.આર.' અને 'ભારત સાધુ સમાજ'ના સુંદર આલીશાન મકાનમાં રહેવા-કરવાની બધી વ્યવસ્થા **શ્રી નંદાજી**એ ગોઠવી છે.*
*બધું જ કેવળ પ.પૂ. બાપાની જ દૃષ્ટિથી-ઈચ્છાથી ગોઠવાય છે; નહીં તો એકદમ બધું જ તૈયાર ક્યાંથી મળે?*
*શ્રી શર્માજી પણ ખાસ તમારે માટે તે બાજુ આવી રહેશે...*

*– પ.પૂ. કાકાશ્રી*

# મંદિર માટે મળેલી જમીન સમથળ કરવા સેવાયજ્ઞ...



*નવો યુગ શરૂ થશે...*
*પૂ. બાપાનું કાર્ય શોભાડી શકશો તેવા શુભાશીષ છે...*
*– પ.પૂ. કાકાશ્રી*







*સૌને ય સેવાનો લાભ મળશે*
*બમણું પ્રભુ જરૂર, જરૂર, જરૂર આપી જ દેશે...*
*– પ.પૂ. કાકાશ્રી*



મંદિર, ઠાકોરજી ને ગુરૂજીની અનન્યભાવે સેવા કરી લેશો.
તેમાં અમારો અંતરનો ખૂબ રાજીપો મળશે; પ્રભુ તમારા કામો હળવાં-સહેલાં કરી સફળ કરશે... – પ.પૂ. કાકાશ્રી













## મંદિર નિર્માણ પહેલાં જમીન ઉપર ઢૂંઢાહેડા ને ઇટેડાના ભક્તો અને પ.ભ. અમૃત પટેલ સાહેબે બનાવેલી ઝૂંપડીઓમાં અન્નકૂટોત્સવ...







*તમે લોકોએ આ ઝૂંપડી બનાવી,*
*મહારાજ તમારા મહેલ બનાવી દેશે.*
*– પ.પૂ. કાકાશ્રી*







# પ્રગટ ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં દિલ્હી મંદિરનું ખાતમુરત-૩જી ફેબ્રુઆરી, ૧૯૮૮







*હવે સુંદર સર્વોત્તમ મંદિર ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ ને પૂ. યોગીજીના સંકલ્પે જ જોતજોતામાં થઈ જ જશે.*

*– પ.પૂ. કાકાશ્રી*







# દિલ્હી મંદિરનું ખાતમુરત-૩જી ફેબ્રુઆરી, ૧૯૮૮





*તમારા સંકલ્પે ને પ્રાર્થનાથી*



*ઝપાટાબંધ મંદિર પ્રભુજી કરી દેશે...*

*- પ.પૂ. કાકાશ્રી*





# ‘સ્વામિનારાયણ માર્ગ’નું ઉદ્‌ઘાટન–૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૦





આ રસ્તે હિંદુ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી જે પણ પસાર થશે, તે જો પૂછશે – આ ‘સ્વામિનારાયણ માર્ગ’ અને ‘કાકાજી લેઈન’ શું છે ? એટલામાં ય એમનું કલ્યાણ મહારાજ કરવાનાં છે.

– પ.પૂ. પપ્પાજી








આ માર્ગ કેવળ એક માર્ગ નથી; કેવળ એક રસ્તો નથી, આ રસ્તો કલ્યાણનો રસ્તો બન્યો. કલ્યાણનો પરમ માર્ગ બન્યો - દિવ્ય માર્ગ બન્યો.

– પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી

# 'કાકાજી લેઈન'નું ઉદ્‌ઘાટન–૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૦



સ્વામિનારાયણ ભગવાન અને ગુણાતીતાનંદસ્વામિજીએ કહ્યું છે કે એક વાર પણ કોઈ **'સ્વામિનારાયણ'** નામ લેશે, તેનું **'કલ્યાણ'** થઈ જશે. અહીંથી જે પણ પસાર થશે, તે આ નામ તો વાંચશે જ. તે બધાંનું **'કલ્યાણ'** થઈ જશે અને... 'કાકાજી લેઈન' પર આવશે, તો પૂછશે કે કાકાજી કોણ છે ? ત્યારે બધાં બતાવશે કે ત્યાં ગુરુજી બિરાજે છે. એ ગુરુજી પાસે જશે... ચૈતન્યનું 'આત્યંતિક કલ્યાણ' પણ થઈ જશે.

– પ.પૂ. સાહેબ









ભવિષ્યમાં ક્યારે ય ભૂલાય નહીં કે આમને લીધે અહીં બધું છે, એટલે આ નામ રખાવ્યું છે! – પ.પૂ. ગુરુજી

# દિલ્હીમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની સર્વપ્રથમ સ્થાપના–૩જી ફેબ્રુઆરી, ૧૯૯૪













*ગુણાતીત જ્ઞાનના સંદેશા દિલ્હીથી પણ વિશ્વમાં પ્રસરશે તેવા શુભાશીષ છે. – પ.પૂ. કાકાશ્રી*

# શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા–૩જી ફેબ્રુઆરી, ૧૯૯૪







*તમારા ઉપર મારો અંતરનો રાજીપો છે.*

*તો, જરાય ગભરાયા વગર નિધડક કામ કરશો.*

*– પ.પૂ. કાકાશ્રી*







*આપણા આખા સંપ્રદાયમાં દિલ્હીનું સેન્ટર અનોખું થવાનું છે જ અને તમારે એમાં નિમિત્ત બનવાનું છે. – પ.પૂ. કાકાશ્રી*

# 'અક્ષરજ્યોતિ'નું ખાતમુરત-૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭







તમારા શુદ્ધ આત્મારૂપે ગુલાબની ફોરમ દરેક જગ્યાએ ગુરૂજી અને પ્રભુ માટે ફેલાય.

– પ.પૂ. કાકાશ્રી







## ‘બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સાક્ષાત્કાર સુવર્ણજયંતી’ની સ્મૃતિમાં ‘સુવર્ણજયંતી દ્વાર’–૨૯ માર્ચ, ૨૦૦૨











*મારો સાક્ષાત્કાર જ્ઞાનસમાધિનો સાક્ષાત્કાર છે, જ્યાં જ્ઞાન ખતમ થઈ ગયું...* – પ.પૂ. કાકાશ્રી

# બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા–૨૫ માર્ચ, ૨૦૦૭







*તમારી સમજણને ધન્ય છે. પ્રભુ અદ્‌ભુત કાર્યો - સત્કર્મો કરાવશે જ... તમારા થકી મોટાંમોટાં કામ કરાવવાનાં છે.* – પ.પૂ. કાકાશ્રી









# 'તાડદેવ' મંદિરનો 'કલ્પવૃક્ષ' હૉલ– 'ન ભૂતો, ન ભવિષ્યતિ'!

ગુરૂવર્ય યોગીજી મહારાજના સંકલ્પે ને બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની આજ્ઞાએ ૧૯૬૭થી સ્વામિનારાયણનો સંદેશો વ્યાપક કરવા પ.પૂ. ગુરૂજીએ દિલ્હી આવવું-જવું શરૂ કરેલું. ચાણક્યપુરીના 'ભારત સાધુ સમાજ'માં અને અશોકવિહારના ભાડેનાં મકાનોમાં લગભગ ૨૫ વર્ષ ગાળી ૧૯૯૩માં પ.પૂ. ગુરૂજી અર્ધનિર્મિત મંદિરમાં રહેવા આવ્યા. **બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીના અમૃતપર્વના વર્ષે–૧૯૯૪ની ૩જી ફેબ્રુઆરીએ** મંદિરના અધૂરા હૉલમાં જ શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજ અને પ્રગટ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિપ્રતિષ્ઠા કરાવી અને તે પછી... **૧૬ વર્ષે ૨૦૧૦ની ૨૫મી જુલાઈએ ગુરૂપૂર્ણિમા**ના મંગળકારી દિવસે ભૂલ્યે ન ભૂલાય એવા આ અદ્‌ભુત **'કલ્પવૃક્ષ' હૉલમાં ગુણાતીત સમાજના 'ઈતિહાસ'ને અંકિત કરી 'અકબંધ' જાળવી રાખ્યો છે.**

જૂનાગઢ મંદિરમાં મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજીએ ધર્મશાળા બંધાવેલી... એના લાકડાના ઊંચા-ઊંચા થાંભલા અને એનું સુંદર કોતરકામ જોવા બીનસત્સંગીઓ પણ આવતા ને સહુ દાંત તળે આંગળી દબાવી ફાટી આંખે જોઈ રહેતા. સ્વામિશ્રી તો ઘણી વાર હસીને કહેતા–

*'માણસ બધાં આ થાંભલાનાં દર્શન કરે છે, પણ કોઈ આ સાધુનાં દર્શન કરતા નથી!'*

પ્રવાહીમાર્ગની આ રગને પરખી પ.પૂ. ગુરૂજીએ જાતે ખૂબ જહેમત લઈ ઠાકોરજીનો આ હૉલ એવો આકર્ષક બનાવડાવ્યો કે બસ જોતા જ રહીએ. એક કાનેથી બીજે કાને આ હૉલની અનુપમ સુંદરતાની પ્રશંસા સાંભળી લોકો ભલે કુતૂહલથી એ જોવા આવે, પણ અંદર આવી, ગુણાતીત સ્વરૂપો, પ.પૂ. કાકાશ્રી અને પ.પૂ. પપ્પાજીની મૂર્તિઓનાં દર્શન તો અવશ્ય કરશે. વળી, જૂદી જૂદી પ્રતિમાઓ નીચેનાં લખાણ વાંચી એમને જરૂર ખ્યાલ આવશે કે–

**ઓહો! ગુણાતીત સમાજ અને એના દરેક કેન્દ્રના સર્જનના પાયામાં 'કાકાજી' સમાયા છે. એટલું જ નહીં, શ્રી અક્ષરપુરૂષોત્તમ સંપ્રદાયના વિકાસક્રમમાં પણ પ.પૂ. કાકાશ્રીનું યોગદાન અનેરૂં જ રહ્યું છે. આમ, પ.પૂ. કાકાશ્રીનું એક હૂબહૂ 'દર્શન' સૌને થશે.**

અને... ખરેખર, હૉલમાં દર્શન કરતાં જ–વર્ષો પહેલાં **પૂ. દાસસ્વામિજી** દ્વારા પ.પૂ. કાકાશ્રી માટે બનાવેલા એક ભજનની પંક્તિ–

*'પાયામાં પૂરાયો છે તું, મહેલ ભલે આલીશાન...'*

કાનમાં ગૂંજવા માંડે છે.

તો આવો, પ.પૂ. ગુરૂજીએ આપણા માટે કરેલા આ અથાગ પરિશ્રમને નિહાળી આ અણમોલ અવસરે પ.પૂ. કાકાશ્રીને અંતરથી પ્રાર્થીએ–

**'મંદિર બનાવ્યું આપ બિરાજ્યા, કરવી શું આરાધના; હૃદય મંદિરિયે કાયમ બિરાજો, ભૂલકાંની છે પ્રાર્થના...'**





ભગવાન શ્રી સ્વામિનારાયણ–મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજી

# શ્રી અક્ષરપુરૂષોત્તમની સનાતન યુગલ ઉપાસનાના આદ્યપ્રવર્તક



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

# ગુણાતીત સમાજના આદ્યસર્જક



બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ     બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજ



ભગવત્સ્વરૂપ હરિપ્રસાદસ્વામિજી



ભગવત્સ્વરૂપ અક્ષરવિહારીસ્વામિજી



ભગવત્સ્વરૂપ જશભાઈ સાહેબજી



ભગવત્સ્વરૂપ દિનકરભાઈ



મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજી



અનાદિ મહામુક્ત સદ્‌ગુરૂ ગોપાળાનંદસ્વામિજી



અનાદિ મહામુક્ત જાગાસ્વામિજી



અનાદિ મહામુક્ત ભગતજી મહારાજ



અનાદિ મહામુક્ત શ્રી કૃષ્ણજી અદા

ભગતજી, જાગાસ્વામી ને અદા–ત્રણે ય ‘ગુણાતીત સ્વરૂપ’ હતાં. આપણે હવે ‘એકદેશસ્થ જ્ઞાન’ને ટ્રાન્સેન્ડ કરી ‘સર્વદેશીયતા’માં જવું છે – અભેદદષ્ટિ અને અવિરોધવૃત્તિ જ દઢ કરી લેવી છે.

– ગુરુહરિ કાકાશ્રી



આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા...

એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે. તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહિ.

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

મહારાજે મુને કહ્યું હતું જે *‘ધર્મકુળમાં રઘુવીરજી જેવો કોઈ નથી.’*

એની રહેણી કે સ્થિતિ તે ક્યાંય ન મળે ને ત્યાગની છટા પણ મહારાજના જેવી જ હતી !

રઘુવીરજી મહારાજની નિષ્ઠા સરસ, તેથી મહારાજ તેમનું વધુ રાખતા.

રઘુવીરજી મહારાજ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું...

અને અમારી (મહારાજને) અરજી છે કે ગય રાજા જેવો રાજા ને રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો, તો ભગવાન ભજવાનું સર્વને સાનુકૂળ પડે.

આખા વડતાલમાં એક રઘુવીરજી મહારાજે અમને ઓળખ્યા.

– મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજી



આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ



ધર્મપિતા



ભક્તિમાતા

સર્વે આરંભોનો પરિત્યાગ કરનારો પુરુષ 'ગુણાતીત' કહેવાય છે.

*ભગવદ્‌ગીતા-અ. ૧૪, ૨૫*



ગૌરીશંકર



રાધાકૃષ્ણ



સીતારામ



ભગવત્સ્વરૂપ પ્રમુખસ્વામિજી મહારાજ



ભગવત્સ્વરૂપ મહંતસ્વામિજી







જે સંતમાં બિરાજ્યા પ્રભુ આઠો પહોર, એને મળી સરકારની મહોર



ગુણાતીત પરંપરાના જ્યોતિર્ધરો આજે જ્યારે સાત સમુદ્ર પાર વિદેશમાં
શ્રી સ્વામિનારાયણની – શ્રી અક્ષરપુરૂષોત્તમની 'યુગલ ઉપાસના'નો ધ્વજ ફરકાવી રહ્યા છે, ત્યારે આજથી લગભગ ૨૨૫
વર્ષ પહેલાં

'બોચાસણ'માં પૂજ્ય કાશીદાસ મોટાને ત્યાં ભગવાન સ્વામિનારાયણે આપેલા આશીર્વાદ–

*'અહીંના તીર્થધામની ખ્યાતિ સમુદ્રને પેલે પાર પણ પ્રસરી જશે.'*

અને...

શ્રીજીના આ વચનને ચરિતાર્થ કરવાના જાણે ચક્રો ગતિમાન કરવા

ગુરૂહરિ યોગીજી મહારાજે હે કાકાજી! સૌ પ્રથમ આપને ૧૯૫૪ના જાન્યુઆરીમાં આફ્રિકા મોકલ્યા
ને... આપે ત્યાં જે એક પ્લેટફૉર્મ તૈયાર કર્યું એની સહજ સ્મૃતિ થાય જ.

ત્યાર પછી ય પ.પૂ. બાપાએ કરેલી વિદેશની કલ્યાણયાત્રાઓમાં આપ સત્સંગનાં પડ છાંટવા
બાપાની આજ્ઞાએ અગાઉથી પ્હોંચી જતા–સાથે જતા.

સંસ્થાએ દૂર કર્યા પછી પણ ઠેઠ ૧૯૮૫ સુધી વર્ષો-વર્ષ યુ.કે, અમેરિકા, કુવૈત, ફ્રાન્સ, જર્મની, ઈટલી ને યુરોપના બીજા
દેશોમાં જઈ-જઈ
ભીડો વેઠી આપે 'આત્મબુદ્ધિ ને પ્રીતિનાં સત્સંગનાં' બીજ રોપ્યાં.

૧૯૭૮માં તો *'આપણો ધર્મ વિશ્વધર્મ થયો'* કહી
અક્ષરપુરૂષોત્તમના ગુણાતીતજ્ઞાનવાળા સહુ સંતો, ભક્તો અને મુક્તોને
કોઈ પણ ભેદભાવ વગર સર્વદેશીય સમજણે ઉઠાવ લેવા અનુરોધ કરતા રહ્યા

અને... એવી જ અભેદદષ્ટિ ને અવિરોધવૃત્તિએ, પૂ. મહેન્દ્રબાપુને સાથે રાખી, સત્સંગનો એવો વિકાસ કરતા
પ.પૂ. દિનકરભાઈ (શિકાગો-અમેરિકા) જેવા જ્યોતિર્ધર પણ આપે ગુણાતીત સમાજને આપ્યા.



ગુરુહરિ યોગીજી મહારાજની આજ્ઞાએ વિદેશની પહેલી કલ્યાણયાત્રાએ (૨૧ જાન્યુઆરી ૧૯૫૪)



૧૯૬૬માં પ.પૂ. કાકાજી અને પ.પૂ. પપ્પાજીને વિમુખ કર્યાનો સંસ્થાનો ઠરાવ દાદર મંદિરે આવતાં, આ અંગે તેઓ સાથે હેતવાળા ૩૯ સંતો પ.પૂ. બાપાને કેવળ મળવા જ પ.પૂ. મહંતસ્વામિજીની આજ્ઞા લઈ પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી અને પ.પૂ. અક્ષરવિહારીસ્વામિજીની નિશ્રામાં સોખડા ગયા. કારણ – એ ગાળાના વિચરણમાં સોખડા પધારવાનો પ.પૂ. બાપાનો પ્રોગ્રામ હતો, જે પછી રદ્દ કરાયો હતો. *'સંસ્થાના ઠરાવને તોડી પાડવા આ સંતો મંદિરેથી નીકળી ગયા'*નું જાહેર કરી ટ્રસ્ટીઓએ એમને સંસ્થાથી વેગળા કરી દીધાં.

પણ, ત્યારે પ.પૂ. કાકાજીએ સંતોને સર્વપ્રથમ પત્રમાં જ નિધડકપણે લખેલું –

*'જે કંઈ અત્યારે થઈ રહ્યું છે, થવાનું છે તે બધું જ એટલી બધી સંપૂર્ણ જાણમાં ને ગુરૂજી (યોગીબાપા)ની જ ગણત્રી મુજબ થતું જાય છે કેઆશ્ચર્યોની નવી જ પરંપરા સાંભળવાની - જોવાની - અનુભવવાની મળ્યા કરશે.*

*નવો જ ચૈતન્ય સ્વરૂપોનો ઈતિહાસ ઘડાય છે – તે ભવિષ્યમાં ગુરૂ સુવર્ણાક્ષરે લખાવા માંગે છે.'*

આ હતી ભવિષ્યને સ્પષ્ટરૂપે જોતી એમની આર્ષદૃષ્ટિ!

તો પણ, **હે કાકાજી**! આમ ૩૯ સંતોની જવાબદારી અચાનક આવી તો પડી.

છતાં, જેમ આપ અવારનવાર બોલતા કે *આઈ એમ એ કૅન્ડીડ એન્ડ નૉટ એ શર્કર*; એમ આપે આ જવાબદારી બખૂબી નભાવી.

ગુરૂહરિ યોગીજી મહારાજ પ્રતિ અનન્ય નિષ્ઠાવાન સોખડાના સરપંચશ્રી ડાહ્યાકાકા, ચંદુભાઈ (દાજી), ચિમનભાઈ, શંકરભાઈ, મગનભાઈ વગેરે સાથે ડાહ્યાકાકાને ઘરે પ.પૂ. યોગીબાપાની મરજીને જાણીને આવેલા શ્રી નંદાજી સાથે ચર્ચા-વિચારણા કરી સોખડા મંદિરે સંતોના રહેવા-કરવાની વ્યવસ્થા ગોઠવી. સંતો સ્વાવલંબી થતાં સુધી ખર્ચ માટે મુંબઈથી પૈસા ય મોકલતા રહ્યા ને અવારનવાર સોખડા આવતા રહી, પ.પૂ. બાપાએ રાજી થકા જે માટે દૂર રાખ્યા છે તેનો મર્મ

સમજાવી, તે પૂર્ણ કરી લેવા ને બધી જ અલૌકિક ભૂમિકાના ભૂક્કા થવા દઈ બાપા સાથે અખંડ આધ્યાત્મિક સંબંધ દૃઢ કરી લેવા સંતોને બળ આપી, અન્ય કોઈ પ્રવૃત્તિમાં ન પ્રેરતા ભજન ને પ્રાર્થના જ કર્યા કરવા લગાતાર પ્રેરણા આપતા રહ્યા ને હરિભક્તોનો ઉત્સાહ પણ વધાર્યો.



[સંતોને મળવા પૂ. નંદાજી **સોખડા** પધાર્યા ત્યારે પૂ. ડાહ્યાકાકાને ઘરે (૧૯૬૬) ]

*આ સંતો સાથે મારો જે સંબંધ છે, એ તો યોગીજી મહારાજને લીધે છે. યોગીજી મહારાજને કુરાજી કરીને હું કોઈ જગ્યાએ જાઉં- કંઈ કરૂં એ તો મારા મનમાં કંઈ કલ્પનામાં પણ ન આવે... સ્વામી (બાપા)એ પોતે મને કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે સંતો માટે કંઈ ગોઠવણ થાય. એટલે આ બાબતે મારે બીજા કોઈ પાસે સબૂતની જરૂર નથી.* – પૂ. નંદાજી

ધીરે ધીરે ગામમાં સંતો પ્રત્યે સદ્‌ભાવ અને હેત વધતાં પ.પૂ. હરિપ્રસાદસ્વામિજીની પ્રેરણાથી સોખડાના પાદરે પ.ભ. વિઠ્ઠલભાઈ અને આત્મીય ગ્રામજનોએ મંદિર માટે જમીન ફાળવી.

પ.પૂ. સ્વામિજી તો ઘણીવાર કહેતાં– *'શરૂઆતથી આખા સત્સંગમાં પ.પૂ. કાકાશ્રી મારી પ્રેરણામૂર્તિ રહ્યા છે.'* પ.પૂ. કાકાશ્રી પ્રત્યેના એમના આ પૂજ્યભાવે ત્યારે ય પૂ. કાંતિકાકા દ્વારા પ.પૂ. કાકાશ્રીની પ્રાસાદિક શુભલક્ષ્મી રૂપ ભેટ આવ્યા પછી જ એમણે ૧૯૭૪ની ૧લી ફેબ્રુઆરીએ 'હરિધામ'માં મંદિરનું ખાતમુહૂર્ત કરાવ્યું અને ગુણાતીત સમાજના સર્વે જ્યોતિર્ધરોની નિશ્રામાં ભવ્ય મંદિરનાં પાયા નંખાયા ને... આજે આપણને ભવ્યાતિભવ્ય મંદિરનાં દર્શન થાય છે.



વિમુખ પ્રકરણને કારણે સોખડા રહેલા સંતોમાંથી વીસ ઉપરાંત સંતો વડોદરાથી આવતા શાસ્ત્રીજી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા; પણ ત્યારે છાણી અને સોખડા વચ્ચેનો રસ્તો કાચો હોવાથી ચોમાસા દરમ્યાન ત્યાં આવતી બસ બંધ થઈ જતી ને શાસ્ત્રીજી આવી શકતા નહીં.

બીજી બાજુ જૂના હાઈ-વે પર આવેલું **'સાંકરદા'** ગામ ભગવાન સ્વામિનારાયણનું મહાપ્રસાદીનું તીર્થસ્થાન–જ્યાં શ્રીજી મહારાજ બન્ને દેશના આચાર્ય અને ૫૦૦ પરમહંસો સાથે એક રાત્રિ રોકાયેલા. વળી ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજના 'ખૈબરઘાટ' સમું આ ગામ તેઓશ્રીએ ગુરૂહરિ યોગીજી મહારાજને નજરાણામાં ભેટ આપેલાં સાત ગામોમાંનું એક. પ.પૂ. યોગીબાપા અહીં છ-છ મહિના રહેતા. એવા આ મહાપવિત્ર ને નિર્ગુણ ગામના હરિભક્તોએ, જેમ કોઈ પણ પ્રકારની મહોબત કે વ્યવહારને આડો ન આવવા દઈને શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજનો ખૂલ્લો જ પક્ષ રાખેલો તેમ, આ એકનિષ્ઠ શૂરવીર હરિભક્તોએ **પ.પૂ. કાકાજીની મહિમાસભર સ્વરૂપલક્ષી વાતો સાંભળી તેમજ નિષ્ઠાની ખુમારી અનુભવી** આ સંતોને ગામમાં જૂના મંદિરે રાખી સંપૂર્ણ સહકાર આપ્યો. આમ, ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજના નિર્દોષબુદ્ધિવાળા મંડળનો ભાવ અખંડિત રહ્યો દેખાયો!

પ.પૂ. યોગીજી મહારાજ પ્રત્યેની સંતોની અનન્ય ને અડગ નિષ્ઠા, સાધુતા તેમજ શુદ્ધ વર્તન જોઈ ત્યાંના આખા મંડળે ખૂબ જ થોડા સમયમાં સંતો પ્રત્યે ખૂબ જ ભાવ અને લાગણીથી ગામની ભાગોળમાં મહાપ્રસાદીની વિશાળ જગ્યા મંદિર માટે અર્પણ કરી.

પ.પૂ. કાકાજી **શ્રી નંદાજી**ને ખાસ જમીન બતાવવા-કરવા ને સંતો-હરિભક્તોને મળવા સાંકરદા લાવ્યા અને–

*'એક છે 'સંસ્થા' ને એક છે 'સ્વામી' (યોગીજી મહારાજ). સંસ્થામાં ને સ્વામી (બાપા)માં મારા મનમાં હું ભેદ ગણું છું. હું દાદુભાઈની સાથે મળું છું, એમની સાથે સંબંધ રાખું છું. સંસ્થાને એ વાત ગમે કે નહીં– એ સંસ્થાની વાત છે. મેં સ્વામીને બે-ત્રણ વખત પૂછ્યું'તું કે આ જે સંતો છે, એમની ગોઠવણ અંગે આપની શું મરજી છે. તો સ્વામીએ કહ્યું હતું કે હું ઇચ્છું છું કે*

ગોઠવણ થાય ને એમણે બહુ ખુશીથી આશીર્વાદ આપ્યા છે. એમની ઇચ્છા ન હોત, તો મનમાં ઘણું ય હોત તો પણ હું આવી શક્યો ન હોત. તમો બધાં પણ એમને જે સાચવો છો – એમની વ્યવસ્થા કરો છો એ હું માનું છું કે યોગીજી મહારાજની મોટી સેવા થાય છે.'

રાજનીતિમાં પણ જેઓ ક્યારે ય જૂઠું નથી બોલ્યા એવા શ્રી નંદાજીના મોઢેથી આ સ્પષ્ટતા થતાં સ્થાનિક તેમજ અન્ય સર્વેના મનમાં કોઈ ગેરસમજૂતી રહી નહીં. પ.પૂ. કાકાજીની કુનેહ ને કાર્યદક્ષતાએ કરીને જમીન નામે થતાં શ્રમશિબિરો કરી ખાતમુહૂર્તની પૂર્વતૈયારીઓ ઝડપભેર શરૂ થઈ ગઈ. શ્રી નંદાજી પણ ખાતમુહૂર્ત કરવા ફરી પધાર્યા ને સહુના સહકારથી સંતો-યુવકોએ



શ્રી નંદાજીને 'સાંકરદા' મંદિર માટેની જમીન દેખાડી ગામમાંથી પાછા ફરતાં (૨૨ ઑગષ્ટ ૧૯૬૭)

**પ.પૂ. અક્ષરવિહારીસ્વામિજી**ની નિશ્રામાં રાત-દિવસ સતત પરિશ્રમ કરી બાંધકામ ઊપાડેલું. પ.પૂ. કાકાજીને મન *'લક્ષ્મીજી તો સંતોની દાસી'*–તે અવાર-નવાર આવતા રહી 'સેવા' લાવતા રહ્યા ને જે જે હરિભક્તોએ પ્રેમભાવથી નાનામાં નાની સેવા પણ અર્પણ કરી તેઓ સાથે આત્મીયતાનો શાશ્વત્ સંબંધ સ્થાપિત કર્યો અને...

**યોગીજી મહારાજની ૭૭મી જન્મજયંતીએ ૧૯૬૮ની ૨૨મી મેના** શ્રી નંદાજી અને ગુજરાતના તત્કાલીન રાજ્યપાલની હાજરીમાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ!

રહેણી-કરણી, સાદગી, નિયમ-ધર્મ ને સેવાથી જૂનાગઢી સંતોની ઝાંખી કરાવતા આ સંતો આજે ય આ વાતને યાદ કરતાં બોલી ઊઠે છે –

***અમોને કાકાજીએ આ મંદિર બાંધી આપેલું!***





ગુરૂહરિ યોગીજી મહારાજ જ્યારે **'ગુણાતીત જ્યોત'**ના નિર્માણાધીન ભવનને જોવા પધાર્યા (૨૫ જાન્યુ. ૧૯૬૬)
ત્યારે બોલ્યા– *'આ રસોડું નાનું નહીં પડે ?'*

હે કાકાજી! બ્હેનો માટે ભગવાન ભજવાનો માર્ગ ખોલી આપવાની પહેલ તમોએ કરી અને... 'ગુણાતીત જ્યોત'નું સર્જન થયું.

તત્કાલીન રૂઢિચુસ્ત સમાજના પ્રહારો ઝીલવા તમો 'જ્યોત'ની ઢાલ બની રહ્યા

અને... પ.પૂ. પપ્પાજીની છત્રછાયા હેઠળ બ્હેનો દિવ્યતાના માર્ગે આગળ વધી.

માયા એનું કામ કરતી રહી, ભગવાને પોતાનું કામ કર્યું.

વિરોધ ખૂબ થયો, પણ આ કાર્યમાં કોઈ વિઘ્ન નડયું નહીં અને... બ્હેનોની એક સુંદર પ્રવૃત્તિ સાકાર થયેલી આજે દેખાય છે.

સમર્થ ગુણાતીત પુરૂષો સિવાય બ્હેનોના આવા કાર્ય માટે બીજું કોઈ તો પગલું ભરી જ ન શકે.

ભૂલેચૂકે કોઈ પગલું ભરે બી, તો એ નિર્લેપ રહી જ ન શકે.

એટલે જ તો પ.પૂ. યોગીબાપાએ પોતે કહેલું– *'બ્હેનો દાદુભાઈની વાતો સાંભળે, એમાં શું વાંધો ?'*



**પ.પૂ. પ્રમખસ્વામિજી મહારાજની હાજરીમાં ગુરૂહરિ યોગીજી મહારાજના વરદ્ હસ્તે વલ્લભ વિદ્યાનગરમાં 'ગુણાતીત જ્યોત'ના મકાનની ખાતમુહૂર્ત વિધિ (૨૧ જૂન ૧૯૬૫) જ્યારે એમણે આશીર્વાદ આપેલા– *'ગુણાતીત જ્ઞાનના સંદેશા દુનિયામાં અહીંથી ફેલાશે.'***

**'યુવકો મારું હૃદય છે'** – **પ.પૂ. યોગીબાપા**નું આ રહસ્ય તેમજ એમની યોજના અને અભિપ્રાયને જાણી **પ.પૂ. કાકાજી** યુવકોમાં ખૂબ રસબસ થતા. કેટલાય યુવકોના અંગત વ્યક્તિગત જીવનમાં રસ લઈને એમના વિવિધ પ્રકારના પ્રશ્નોને ઉકેલીને એમને સત્સંગ અને સેવાના માર્ગે સક્રિય બનાવ્યા.



વિદ્યાનગરમાં યુવક પ્રવૃત્તિ પ. પૂ. જશભાઈ સાહેબના નેતૃત્વમાં ચાલતી હતી. વળી, 'વિદ્યાનગરના વિશ્વકર્મા' પૂ. ભાઈકાકાને આપેલા કૉલ પ્રમાણે ત્યાં એક વિશિષ્ટ કાર્ય કરવાનો પ.પૂ. બાપાનો સંકલ્પ હતો. એ કાર્ય પ. પૂ. જશભાઈ સાહેબ થકી થાય ને એ માટે એમને પ.પૂ. કાકાજીની નિશ્રા મળે, એવા સંજોગ પણ પ.પૂ. બાપાએ ગોઠવી આપ્યા.

**પ.પૂ. જશભાઈ સાહેબના શબ્દોમાં –**

*'વર્ષો પ્હેલાં, ૧૯૬૩-૬૪માં એકવાર રાત્રે હું આણંદ મંદિરે પ.પૂ. બાપા પાસે મારી વાતો કરવા ગયો'તો. ત્યારે બાપાએ પ.પૂ. કાકાજીને બોલાવી એમના હાથમાં મારો હાથ મૂક્યો અને બોલ્યા –*

***આજથી અમે આ જશુભાઈ સાહેબ અને આખા મંડળને તમને સોંપીએ છીએ, એમને સંભાળજો.'***

પ.પૂ. બાપાના આ ચરિત્રનું મૂલ્ય પ.પૂ. સાહેબને કેટલું હશે કે એઓ કહે છે –

*ત્યારે મને યોગીજી મહારાજ પ્રત્યે જે ભાવ હતો-પ્રીતિ હતી, એ પ્રેમ અને ભાવ યોગીજી મહારાજની કૃપાથી કાકાજી પ્રત્યે પણ થઈ ગયો!*

પ.પૂ. કાકાજી ય ત્યાર પછી મુંબઈથી દર મહીને બે-ત્રણ વાર વિદ્યાનગર જતા ને યુવકો સાથે રહે. અઠવાડિયું-અઠવાડિયું રહે. રહેવા-કરવાની ને જમવાની કોઈ વ્યવસ્થા નહીં, પણ કશું ય ગણ્યા વગર જતા ને બાપાના સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી સહુના હૃદયમાં એ પોતે બિરાજી ગયા ને એનાથી અનંત ઘણાં બાપાને સહુના હૃદયમાં સ્થાપ્યા.

પછી **પ.પૂ. પપ્પાજીના જોગમાં** આવતા પ.પૂ. સાહેબને અને એમના સાથીઓને એમના પ્રત્યે ય એવો જ ભાવ થયો. વિમુખ પ્રકરણ થતાં પ.પૂ. બાપાએ પ.પૂ. સાહેબને વિદ્યાનગર મોકલી દીધા. પ.પૂ. કાકાજીની આજ્ઞાથી પ.પૂ. સાહેબ અને એમના ભેરૂઓ પ.પૂ. પપ્પાજી અને સોનાબાની છત્રછાયામાં એમની પ્રેરણા ને માર્ગદર્શન હેઠળ સાધના કરતા રહ્યા ને...

**'અનુપમ મિશન'** ઉદ્‌ભવ્યું.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનોખી ભાત પાડતા નિષ્કામ કર્મયોગી સાધુઓની નવી પાંખ ખૂલી અને પ.પૂ. સાહેબની નિશ્રા ને પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, ડૉ. સનંદભાઈ, ડૉ.રતિભાઈ, ડૉ. વી.એસ., પૂ. હિમ્મતસ્વામી જેવા જ્યોતિર્ધરોના



**યુવક પ્રવૃત્તિ**ના સૂત્રધાર પ.પૂ. સાહેબ અને એમના સાથીદારો પ્રગટ ગુણાતીત સ્વરૂપો સાથે

નેતૃત્વ હેઠળ આજે અનેક નવદીક્ષિત શિક્ષિત યુવકો, **'બ્રહ્મજ્યોતિ'**ની તપોભૂમિ પર 'ગુણાતીતભાવ'માં રહેવાની તાલીમ લેતાં થકા આપણી હિન્દુસંસ્કૃતિનાં આધ્યાત્મિક મૂલ્યો સાચવી આજના વૈજ્ઞાનિક યુગમાં સત્પુરૂષ, સત્શાસ્ત્ર અને સદ્‌વિચારનો સમન્વય રાખી નિષ્કામ કર્મયોગી બની, 'ગુણાતીત સમાજ'નું ગૌરવ વધારી રહ્યા છે.



દિલ્હીમાં જ્યારે 'સ્વામિનારાયણ'નું નામ સુધ્ધાં કોઈ જાણતું ન્હોતું,

ત્યારે આપે ૧૯૬ ૭ની ૫મી ડિસેંબરે પ.પૂ. ગુરૂજી અને સંતોને પહેલી વાર દિલ્હી મોકલ્યા...

આપ પણ વારંવાર આવતા રહ્યા.

આપની પ્રેરણા અને સંકલ્પે ઉત્તર ભારતમાં ધીરે ધીરે સત્સંગ ફેલાયો

અને...

૧૯૮૫માં આ મંદિર માટે

'દિલ્હી વિકાસ પ્રાધિકરણે' જમીન ફાળવ્યાની ખબર મળતાં જ

ઝપાટાભેર વૈશાખી (૧૩મી એપ્રીલ)ના દિવસે

પાસેના જનતા ફ્લેટ્સના પાર્કમાં આપે ખાતમુહૂર્ત કરાવી લીધું

અને ૨૮મી મેના જમીનનો કબજો મળતાં જ

તે જ દિવસે સાંજે સ્થાનિક સંતો-મુક્તો સાથે આપ પોતે પધાર્યા

અને

ધુન-ભજન કરાવી પુષ્પો છાંટી આશીર્વાદ વરસાવ્યા-

*'હવે ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ અને યોગીજીના સંકલ્પે*

*જોત-જોતાંમાં સુંદર, સર્વોત્તમ ને વિશાળ મંદિર બંધાઈ જશે...*

*દેવી-દેવતાઓ સામેથી આવીને આ કાર્ય કરી જશે...*

*પણ, તમો તો કેવળ મૂર્તિમાં જ રહીને સર્વ ક્રિયાઓ કરતા જાઓ.'*



દિલ્હી, ૨૮મી મે ૧૯૮૫



ગુણાતીત સ્વરૂપને ઓળખાવવા માટે ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજે એક પ્રોટેસ્ટન્ટની જેમ 'વડતાલ' સંસ્થામાંથી બહાર પડી શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી ભગવાનના પ્રગટપણાનું 'ગુણાતીતજ્ઞાન' ખુલ્લું મૂકેલું. નવાં તો ઘણાં જાણતા નહીં હોય કે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન થયા પછી શ્રી અક્ષરપુરૂષોત્તમની–'પ્રગટની' આ ઉપાસનાને વ્યાપક બનાવવાનો શ્રેય તો પ્રગટ ગુણાતીત સ્વરૂપ યોગીજી મહારાજને ઓળખાવી એમના સંબંધવાળા ભક્તોમાં, પ.પૂ. પપ્પાજીને ભેગા લઈ, પૂ. કાંતિકાકાના કુટુંબના સાથ-સહયોગે, તાડદેવથી જેમણે સુહૃદ્‌ભાવ ને નિર્દોષબુદ્ધિનાં પૂર વહાવેલા, એ પ.પૂ. કાકાશ્રીને જાય છે. આ પહેલાં તો મુંબઈમાં 'ગુણબુદ્ધિવાળો' આયારામ-ગયારામનો સત્સંગ ચાલતો.

એ માટે જ તો ૧૯૪૫માં પ.પૂ. કાકાશ્રીએ ભણતર પૂરું કર્યું ને ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ એમને નડિયાદથી પોતાની સાથે 'સારંગપુર મંદિરે' દર્શન કરાવવા લઈ ગયા અને... નોકરી માટે લંડન જવાનું માંડવાળ કરાવી અહીં દેશમાં જ સત્સંગના યોગમાં રહેવાની આજ્ઞા કરી'તી ને!

આમ, **'મુંબઈમાં ગુણાતીત જ્ઞાનના સત્સંગનો વિકાસ'** અને **'બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી'**–આ બન્નેને ક્યારે ય કોઈ જૂદા પાડી શકે નહીં. એટલે જ **યોગીજી મહારાજે** ય સ્વમુખે કહેલું– ***'તાડદેવ એટલે અક્ષરધામનું તખ્ત!'***

ભગવાન, સંત અને સત્સંગીને જ જીવના સાચા સગાં માની જીવવાનો ઉઠાવ સર્વપ્રથમ પ.પૂ. કાકાશ્રીએ લીધો અને આવા અણમોલ ભાવથી ગુરૂહરિ યોગીજી મહારાજની પ્રસન્નતાર્થે પ.પૂ. કાકાશ્રી અને પ.પૂ. પપ્પાજીની નિશ્રામાં, આજ સુધી **'દાદુભાઈવાળા'** તરીકે ઓળખાતા, સમગ્ર તાડદેવ મંડળે એમની સેવા કરી છે.

તાડદેવ એટલે આખી ય અક્ષરપુરૂષોત્તમ સંસ્થાના દેશ-પરદેશના હરિભક્તોનું જાણે પિયર જ! ત્યાં બધાં જ ઊતરતા. દેશમાં આવતા ને જતા આફ્રિકાવાળા મુક્તો, ગામડેથી લગ્નની કે વેપારની ખરીદી માટે આવનાર મુક્તો તાડદેવ જ ઊતરતા. **પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી, પ.પૂ. મહંતસ્વામિજી, પ.પૂ. ડૉક્ટરસ્વામિજી** જેવા ગુણાતીત જ્ઞાનના આજના જ્યોતિર્ધરો યુવકરૂપે હતા, ત્યારે પ.પૂ. યોગીબાપા એમને **પ.પૂ. કાકાજીનો સમાગમ કરવા** મુંબઈ મોકલતા. દરેકની ત્યાં ભાવભરી સેવા-સરભરા થતી. માંદાની માવજતનું એ દવાખાનું હોય એમ સંસ્થાના ઘણાં ય માંદા સંતો-હરિભક્તોની અલૌકિકભાવે ત્યાં સારવાર પણ થતી. તાડદેવના પગથિયેથી ચોવીસ કલાક પરાભક્તિ વહી છે. તેથી તો **પ.પૂ. યોગીબાપા** બોલેલા–**'બળિરાજાને બારણે પ્રભુ બંધાયા છે, એમ દાદુભાઈએ શાસ્ત્રીજી મહારાજને બાંધ્યા છે.'**

શુરૂઆતથી જ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ પૂ. કાંતિકાકાના ઘરને પોતાનું ઘર માનતા. એ ઘર પર એમનો આગવો હકદાવો રહેતો.

૧૯૫૨ના સાક્ષાત્કારથી તે ઠેઠ અક્ષરપુરૂષોત્તમ સંસ્થાએ પ.પૂ. કાકાશ્રીને વિમુખ ન્હોતા કર્યા ત્યાં સુધી સંસ્થાની એવી એકે ય પ્રવૃત્તિ નહીં હોય કે જેનો પ્રારંભ પ.પૂ. કાકાશ્રી પાસે ન કરાવાયો હોય કે એમને મોખરે ન રાખ્યા હોય. શ્રી અક્ષરપુરૂષોત્તમ સંસ્થાની બધી જ પ્રવૃત્તિઓના સંચાલનનું જાણે તેઓ કેન્દ્ર હતા!

* પ.પૂ. પ્રમુખસ્વામિજીને ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજે આપેલો કૉલ પૂરો કરવા ૧૯૫૩માં ગુરૂહરિ યોગીજી મહારાજે **સ્પેશ્યલ ટ્રેઈન** દ્વારા ગોઠવેલ **'યાત્રા પ્રવાસ'**ના આયોજનની ઑફિસ પ.પૂ. કાકાશ્રીની **'એગ્રી ઓરિયન્ટ ઇન્ડસ્ટ્રીઝ'**માં હતી.
* પ.પૂ. યોગીબાપા અને પ.પૂ. કાકાશ્રીનો સંબંધ જોઈ સત્સંગના મોવડી ગણાતા પ.ભ. છગનભાઈ, પ.ભ. મણીભાઈ સલાડવાળા જેવા તો પ.પૂ. કાકાશ્રીને ત્યારે **'છોટા જોગી'** જ કહેતા.
* ૧૯૫૫માં આફ્રિકા જતી વેળા પ.પૂ. યોગીબાપાએ પ.પૂ. કાકાશ્રીને આજ્ઞા કરેલી કે દર અઠવાડિયે સત્સંગના દરેક ગામોમાં તેઓએ પત્ર લખવો અને આફ્રિકાના એ પ્રવાસેથી પાછા આવીને ય તેઓને એ સેવા ચાલુ જ રાખવા કહ્યું. છેવટે દાદર મંદિરે સંતો સક્રિય થયા ત્યાં સુધી **'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'**રૂપે પણ તાડદેવથી જ એનું પ્રકાશન થતું રહેલું.



'અક્ષરધામના તખત પર વિરાજમાન પ.પૂ. કાકાશ્રી'

* ૧૯૫૪ થી ૧૯૬૧ સુધીના ગાળામાં તો પ.પૂ. કાકાશ્રીએ મુંબઈના પરાંઓમાં સાંજે જઈ-જઈ, સભાઓ કરી સૌમાં સાચા સત્સંગની જાગૃતિ લાવી દીધી. તેથી જ તો ૧૯૫૯માં **પ.પૂ. યોગીબાપા**એ એક પત્રમાં સ્વયં લખ્યું–

*'મુંબઈનો ઔર રંગ, તે જોવાથી લોકોને ભાર પડે. તે બધો દાદુભાઈ, આપે સ્વામી રાખ્યા છે તે પ્રતાપ છે.'*

વળી, એક પત્રમાં લખેલું–

*મુંબઈના દેશકાળ ખરાબ હતાં. તે સંપ, સુહૃદ્‌ભાવ ને એકતાનો કળશ ચડાવ્યો. તેથી અમારું અંતર ઠરી ગયું છે. તો ભીડા વેઠ્યા ઘણાં, તે 'સ્વામી'નો રાજીપો છે.*

આમ, **યોગીબાપાના સંકલ્પનું મૂર્તિમાન ક્રિયાસ્વરૂપ એટલે જ કાકાશ્રી!**

૧૯૬૬માં સંસ્થાએ એમને વિમુખ કર્યા પછી ય 'નિર્દોષબુદ્ધિ ને સુહૃદ્‌ભાવ'ના સિદ્ધાંતે આખા **'યોગી પરિવાર'**ની ગોવાળી કરતા રહ્યા ને તાડદેવમાં નવયોગેશ્વરોનું એક મંડળ ખડું કરી દીધું. ૧૯૮૬માં પ.પૂ. કાકાશ્રીના અંતર્ધાન થયા પછી આ નવયોગેશ્વરોએ પવઈની પ્રાસાદિક ભૂમિ પર **'અક્ષરધામ'**નું સર્જન કર્યું ને વર્તમાનકાળે પ.પૂ. દિનકરભાઈના માર્ગદર્શન હેઠળ પૂ. ભરતભાઈ-પૂ. વશીભાઈના નેતૃત્વે પ.પૂ. કાકાશ્રીની રીતે-રીત રાખી આખા ય મુંબઈ મંડળને લીલુંછમ રાખી રહ્યા છે.



૨૮મી મે ૧૯૮૫ના એ મહામંગળકારી દિવસે જ

પ.પૂ. કાકાશ્રીએ મંદિરના પ્રાંગણના આ જાંબુના વૃક્ષ પર પણ ચાંલ્લા કર્યા

અને પ.પૂ. ગુરૂજીને આશીર્વાદ આપ્યા...

*'અહીંનું મંડળ તમોને ખૂબ સાથ આપશે જ...*

*ગુણાતીતજ્ઞાનના સંદેશા દિલ્હીથી પણ વિશ્વમાં ફેલાશે–એવા શુભાશીષ છે.*

*શરત ફક્ત–*

*સદ્‌ભાવ ને સુહૃદ્‌ભાવની જ છે. જોડમાં જ કામ કરવાની છે.'*

સાથોસાથ, ૧૯૮૦માં પ.પૂ. ગુરૂજીને આપેલા નિમ્ન આશીર્વચનોની મર્મમાં સ્મૃતિ ય કરાવી–

*'તમોને હવે હું સ્વતંત્રતા આપું છું; મને પણ નહીં પૂછતા.*

*તમારા હૃદયમાં પ્રભુ છે–અખંડ છે... તમે લાયક છો-પાત્ર છો...*

*ગમે તેટલું માન મળે, પણ એ બાપાનું છે–એમના સંકલ્પનું છે;*

*એવી ભાવના સાથે*

*હરિપ્રસાદજી, પપ્પાજી અને કાકાજીને આગળ રાખી*

*તમો પણ જ્યારે પોકાર કરશો, તો ભગવાન તમારૂં પણ સાંભળશે.*

*હવેથી તમે પણ સ્વતંત્ર કામ કરો, હળીમળીને કરો...'*





પ.પૂ. કાકાજી મહારાજને સાક્ષાત્કાર–૩ ફેબ્રુઆરી ૧૯૫૨, શ્રી અક્ષર મંદિર, ગોંડળ

...છગનભાઈ, દાદુભાઈ, રાજકોટ મંડળ સર્વ અક્ષર દેરીએ ભજન કીર્તન કરતા હતા. ઘનશ્યામ મહારાજની મૂર્તિને વિષે દાદુભાઈને લક્ષ્ય થયો ને રૂડા આશીર્વાદ આપ્યા. અક્ષરદેરીએ ત્રણ દિવસ સાક્ષાત્ મહારાજનાં દર્શન શાસ્ત્રી મહારાજની કૃપાથી થયાં!

રાતે આરતી થઈ રહી ને એક ચિત્તે દાદુભાઈ ઘનશ્યામ મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા. અડધો કલાક સામી દૃષ્ટિ માંડીને દર્શન કર્યા ને એકદમ 'લક્ષ્ય' થઈ ગયો. આંખની વૃત્તિ મૂર્તિમાં જોડાઈ ગઈ તે સ્થિર થઈ ગયા. અમે બધા પાસે હતા. કાષ્ટવત્ દેહ થઈ ગયું. અક્ષરધામમાં દર્શન કરે. પછી બધાએ સભામંડપમાં સુવાડી દીધા તે ઊઠે જ નહિ. પછી સવારે પરાણે નવરાવ્યા. પણ લક્ષ્ય મૂર્તિ સામું. એમ બે દિવસ 'લક્ષ્ય' રહ્યો. ખાય નહીં, પીવે નહીં. એકતાર વૃત્તિ જોડાઈ ગઈ. પછી બે દિવસે મહારાજે જગાડ્યા ને ભાન આવ્યું...

આવી રીતે ઘનશ્યામ મહારાજ અક્ષરધામમાં તેડી ગયા. બે દિવસ રાખીને સુખ આપ્યું. તે પ્રતાપે દાદુભાઈને જીવનમાં પરમ શાંતિ થઈ ગઈ! વ્યવહારના ધ્રોડા બંધ થઈ ગયા ને વ્યવહારમાં ગૌણ વૃત્તિ થઈ ગઈ. જ્ઞાનમાં ભરપૂર થઈ ગયા...

*– બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (શ્રી અક્ષરતીર્થ, પ્રથમ આવૃત્તિ-પૃ. ૧૨૨,૧૨૩)*

સાક્ષાત્કાર પછી– *'યોગીજી મહારાજ પ્રભુનું સ્વરૂપ છે; કોટિ યજ્ઞ, કોટિ વ્રત કરી દેહ મૂકીને જે પ્રભુને પામવા છે, એ જ યોગીજી મહારાજ રૂપે આપણને મળ્યા છે'* –આ તથ્યનું પ.પૂ. કાકાશ્રીએ સત્સંગમાં જોર-શોરથી બ્યુગલ ફૂંક્યું ને સત્સંગમાં ખળભળાટ મચી ગયો. *'યોગીજી મહારાજ સારા સાધુ છે, સાચા સંત છે'* –એ વાત તો તત્કાલીન આખો સમાજ માનતો હતો, પરંતુ આ તો તદ્દન નવી જ વાત હતી. આમ, યોગીજી મહારાજની તત્ત્વે કરીને ઓળખાણ પ.પૂ. કાકાશ્રીએ આપી. અને... સત્સંગમાં એક નવયુગનો ઉદય થયો!



...૧૯૬૫ની શરદપૂર્ણિમાએ ગોંડળમાં ભાગવતી દીક્ષા લીધા પછી પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી 'અન્નકૂટ'ના સમૈયા સુધી ત્યાં જ રોકાયેલા. આ દરમ્યાન હે કાકાજી! આપે એમને અસલી ગુણાતીત રીતિ, નીતિ અને સ્થિતિનો મર્મ જણાવતા સૂચન કરેલું–

*'હવે તમે મુંબઈ જશો; ત્યાં આપણું હેતવાળું મંડળ છે. એ બધાં તમોને આગળ કરશે... પણ, તમો મહંતને જ આગળ રાખજો... હંમેશા નંબર 'ટુ' જ રહેવું.'*



મુંબઈ – સૂર્યનારાયણની 'વાડી'માં, ૨૨ ઑગષ્ટ ૧૯૪૯

શક્તિસ્વરૂપિણી પ.પૂ. સોનાબાની પ્રેરણાથી પ.પૂ. કાકાશ્રી અને પૂ. કાંતિકાકાએ 'સ્વામીની વાતુ'ની પારાયણ કરાવવાની તકની જે સેવા ઝડપી લીધી એના રાજીપારૂપે અને પૂ. સોનાબાનો તીવ્ર સંકલ્પ પકડી ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજે બન્નેના માથે હાથ મૂક્યા ને એકદમ પરભાવમાં આવી બન્નેના વાળ પકડી માથાં ભેગાં કરી બોલ્યા –

*'આજથી તમે બન્નો 'ભાઈ-ભાઈ' થઈને રહેજો. ગમે તેવા સંજોગ આવે તો પણ ક્યારે ય છૂટા પડતા નહીં... જાઓ, બ્રહ્માંડ ડોલાવશો.'*

આ આશીર્વચનની સ્મૃતિ કરાવતાં પ.પૂ. કાકાશ્રી ઘણીવાર કહેતા ય ખરા –

*'૩૫-૩૭ વર્ષથી અમે ને કાંતિભાઈ શાસ્ત્રીજી મહારાજના વચને રામ-લક્ષ્મણના ભાતૃભાવને પણ ભૂલાડી દે એમ રહ્યા ને!'*



***'પુરૂષોની જેમ સ્ત્રીઓ પણ આજીવન બ્રહ્મચર્યવ્રત રાખી સ્વતંત્રપણે ભગવાન ભજી શકે'***–એમની આ ક્રાંતિકારી વિચારધારાને કાર્યાન્વિત કરાવવા જ ગુરૂહરિ યોગીજી મહારાજ અક્ષરધામમાંથી પ.પૂ. કાકાશ્રી અને પ.પૂ. પપ્પાજીને માનો પોતાની સાથે લાવ્યા'તા. આ બન્ને ભાઈઓના યુગકાર્યથી એમના વધતા મહિમાએ કરીને સંસ્થાના અગ્રણી ને જૂના કાર્યકર્તાઓને પોતાનો તેજોવધ થતો લાગતો–જે તેઓ સાંખી શકતા નહીં. તેમના રોષનો બાંધીવાતે ઈશારો આપતા પ.પૂ. બાપાએ મુંબઈની કપોળવાડીમાં આ બંધુબેલડીને ૧૯૬૫ના માર્ચમાં કહેલું–

***'હવે તમે બન્ને મળીને જે કરો, એમાં હું આવી ગયો; મને પૂછવા આવતા નહીં. જાઓ, મારો ડંકો!'***

૧૯૬૭માં મ્હારે પ્હેલી વાર દિલ્હી આવવાનું નક્કી થયું ત્યારથી વડોદરા–અક્ષરનિવાસી ભીખાકાકાને ઘરે પ.પૂ. કાકાશ્રી મને જ્યારે-જ્યારે મળતા ત્યારે નીચે જણાવેલ વાતો કરતા–

*'...આ કંઈ હું મારી મેળે તને નથી મોકલી રહ્યો; બાપાનો સંકલ્પ છે કે ત્યાં સત્સંગનો વિકાસ થાય–સ્વામિનારાયણનો સંદેશો ફેલાય એટલે બાપાની ભક્તિ સમજી તને મોકલું છું.'*

અને... સત્સંગના વિકાસ માટે એમણે મને પાંચ-છ મુદ્દા આપેલા–

❖ *પ્રગટની અક્ષરપુરૂષોત્તમની આપણી ઉપાસના છે. સ્વામી શાસ્ત્રીજી મહારાજ આ માટે વડતાલથી નીકળેલા. આપણે એ જ પ્રવર્તાવવી છે. માટે, 'કાકા-કાકા' નહીં કર્યા કરતા. 'યોગીજી મહારાજ' આજે અક્ષર અને પુરૂષોત્તમ–સ્વામી અને મહારાજનું પ્રગટ સ્વરૂપ છે; આપણી ઉપાસ્યમૂર્તિ છે. એમને જ આગળ રાખી સત્સંગની વાતો કરવી. મહારાજ અને સ્વામી ગૌણ ન થાય, એ ય 'પ્રગટની ઉપાસના'નું એક રહસ્ય છે.*

❖ 'સુહ્દ્‌ભાવ' આપણો પાયો છે. કોઈ પણ કારણે સંતો-હરિભક્તો સાથે અરસ-પરસના સુહ્દ્‌ભાવનું ખંડન થવા ન દેવું.

❖ આપણા નિયમ-મર્યાદા-સ્વધર્મમાં જ ત્યાં રહેવું. તમો 'ત્યાગી' છો, તો સ્ત્રી-ધનના ત્યાગનો નિયમ તમારે ગમે તે સંજોગમાં દ્દઢ રાખવો.

❖ ત્યાં ક્યારે ય કોઈ પાસે કંઈ માંગવું-કરવું નહીં. તમે તો સમ્રાટના રાજપુત્ર! તમારે માંગવું કેમ પડે? સત્સંગના વિકાસ માટે તમારી જરૂરિયાતો મહારાજ-બાપા પૂરી કરશે જ અને છતાં... કંઈ ખૂટતું જ લાગે, તો 'કાકા' તો છે જ!



ભારત સાધુ સમાજ - નવી દિલ્હી, અક્તુ. ૧૯૭૨

❖ તમારા જોગમાં જે કોઈ આવે ને પોતાપણાની ભાવનાથી-આત્મીયતાથી જોડાયા હોય, એમની સાથે ક્યારે ય 'વ્યાવહારિક બુધ્ધિ' નહીં રાખવી. એમની સાથે કોઈ રીતે અતડા નહીં રહેવું.

આપણે 'આત્મબુધ્ધિ ને પ્રીતિ'નો સત્સંગ પ્રવર્તાવવો છે. એવો સત્સંગ જેટલો વધ્યો, એટલો જ સત્સંગનો વિકાસ થયો ગણાય. તો, આ જ ધ્યેય રાખવો.

❖ બીજી એક વાતનું ખૂબ ધ્યાન રાખજો– કોઈ પણ બ્હેન તમોને ભેટ (સેવા) મોકલે-કરે અને એ પરણેલી-કરેલી હોય તો એના ધણીને પૂછી કરીને જ એ લાવી હોય ને આપે. કુંવારી હોય તો એના મા-બાપને ને મા-બાપ ન હોય તો પોતાના મોટા ભાઈ-ભાંડુને કે વાલીને પૂછીને તમને આપે. પણ એમની ચોરીથી લાવે અને કહે– *'મારા હસ્બન્ડને નહીં ગમે, આ તો મારૂં છે-મારા પિયરનું છે'* વગેરે વગેરે; એવી ભેટ-સેવા ક્યારે ય લેતા નહીં.

મારી આ વાતોને પકડી રાખજો. તો, તારામાં એવી સાધુતા પ્રગટશે કે સત્સંગ તારી આસપાસ સ્હેજે જ વધતો જશે... એટલે કે તમારા સાન્નિધ્યમાં સૌને સ્હેજે જ શાંતિ-આનંદ-પ્રેમનો અનુભવ થતો જશે-એવા તમને બાપા બનાવશે.

અને... આના અનુસંધાનમાં ૧૯૮૫ના મેની ૨૮મીએ રાતે એવા બીજાં બે સૂચનો પણ કર્યાં–

❖ કૉમર્શિયલ ઍટીટ્યુડ રાખી ક્યારે ય કોઈ પ્રવૃત્તિ ઉપાડતા નહીં.

❖ હંમેશા લો-પ્રોફાઈલ રહેવું.

*– પ.પૂ. ગુરૂજી*



૧૯૬૬ માં મા. ગુલઝારીલાલ નંદા સાહેબના બંગલે વાતચીત કરતાં
[ ૫, તુગલક રોડ, નવી દિલ્હી ]

પ.પૂ. કાકાશ્રી અને પ.પૂ. પપ્પાજી પ્રત્યે આદરભાવ-હેત હોવાના એક માત્ર કારણે ૧૯૬૬ માં સંસ્થાએ ૩૯ સંતોને એકદમ કાઢી મૂક્યાનું જાણી, મા. નંદાજી ખૂબ ચિંતાતુર થયેલા. તેથી તેઓએ કઈ હકીકતે આ બન્યું છે એ જાણવા પ.પૂ. કાકાશ્રીને દિલ્હી બોલાવેલા.

ત્યાં થયેલી વાતચીત દરમ્યાન શ્રી શર્માજીએ એમની પ્રાકૃત મતિએ કહ્યું કે–

*લાલાજી, યહ સબ સિર્ફ એક-દો જનો કી હી ઝંઝટ કે કારણ હૈ. ઇન દો-તીન જનો કો DIR કે નીચે 'અંદર' કરવા દો; સારા મામલા સુલટ જાયેગા.*

શ્રી નંદાજી તો તે વખતે કેન્દ્રમાં ગૃહપ્રધાન !

બે મિનિટ તો એઓ વિચારતા રહ્યા; પછી બોલ્યા– *દાદુભાઈજી અગર કહતે હૈં, તો ઐસા કર લેતે હૈં.*

પણ, પ.પૂ. કાકાજી તો અખંડ આધ્યાત્મિક ભૂમિકામાં જ રહેનારા ! ને જાણતા જ હતાં કે આ તો બાપાનું જ કર્તવ્ય છે ને એક... એલીવેટેડ-એડવાન્સ્ડ ચૈતન્યોના સમાજને એમણે જૂદો કર્યો છે. તેથી આ સાંભળતા પ.પૂ. કાકાશ્રી તરત જ બોલ્યા–

*લાલાજી, હમારી લડાઈ ભગવાન કે સાથ હૈ. ઇનસે લડને કે લિયે હમારે સાધન ભી શુદ્ધ હોને ચાહિયે. હમ ભજન સે લડેંગે !*

ચર્ચાની આ વાત જ્યારે મેં સાંભળેલી ત્યારે મને એ ગળે ઊતરેલું નહીં કે નંદાજી આમ કરવા તૈયાર થઈ ગયા હોય. નંદાજી તો સત્ત્વગુણી વ્યક્તિ ! રાજકારણમાં ય ક્યારે ખોટું પગલું લે નહીં. તો, આ બાબતે કેમના આવું ખોટું કરવા તૈયાર થઈ જાય ?

પછી, જ્યારે મારે દિલ્હી આવવાનું થયું, ત્યારે નંદાજીને મળવા-કરવાનું સહજ જ રહ્યા કરતું. એકવાર મોકો જોઈ મેં એઓને પૂછ્યું કે– *સાહેબ ! તમોએ આવું કહેલું ?*

ત્યારે પૂ. નંદાજી બોલ્યા– *હા, આવી વાત થયેલી !*

એટલે મેં એકદમ આશ્ચર્યથી પૂછ્યું કે– *સાહેબ ! આ તો સત્તાનો દુરુપયોગ કહેવાય અને તમે તૈયાર થઈ ગયા !*

ત્યારે પૂ. નંદાજીએ ઉત્તર આપેલો– *એક તો એ કે શાસ્ત્રીજી મહારાજે મને કહેલું કે તમારે દાદુભાઈનો પક્ષ રાખવો ને બીજું કે મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે દાદુભાઈ આવું ખોટું પગલું ભરવા દેવા માટે સંમતિ આપશે જ નહીં !*

*– પ.પૂ. ગુરૂજી*



'પંજો એક'–તેવું તમો પાંચ સંતોને (સ્નેહલમંડળને)* પાકું કરાવવું છે. આ મુદ્દાના કામમાં બધા ભળજો. આપણે તો અખંડ અક્ષરધામમાં જ રહેવાનું. જે ભેદભાવ રાખશે એને અંતે મૂંઝવણ રહેવાની જ છે.

*– ગુરૂહરિ કાકાશ્રી મહારાજ*

[*ડાબી બાજુથી–પૂ. દાસસ્વામી, પૂ. શાસ્ત્રીસ્વામી, પૂ. કોઠારીસ્વામી, પૂ. ગુરૂજી અને પૂ. પ્રેમસ્વામી.]



આવા ફ્રેન્ડલી ગુરૂ ક્યાં મળશે!

* દિનકરભાઈ સાત હજાર માઈલ દૂર છે, પણ એ મારી પાસે છે
અને
તમે પાસે છો, છતાં દૂર છો.
* દિનકરભાઈ જેવા પાંચ તૈયાર થઈ જાય, તો હું માનીશ કે આખા અમેરિકાને સત્સંગ થઈ ગયો.

– ગુરૂહરિ કાકાશ્રી



**મારા જીવનના ચાર હેપીયેસ્ટ દિવસો –**

૧. * ૬ઠ્ઠી એપ્રીલ ૧૯૫૦ – જ્યારે ગઢડાને ટેકરે આરસના મંદિર નિર્માણ માટે અમારી પાસે લીધેલી એકાવન હજારની અસાધારણ સેવાનો રાજીપો બતાવવા, પૂ. ભગતજી મહારાજની જેમ, પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ મુંબઈમાં શ્રી નંદાજીને બંગલે, ચંદન ચર્ચી અમોને (મને, કાંતિભાઈને અને છગનભાઈને) ભેટ્યા.

૨. ૧૯૫૨ની ૩જી ફેબ્રુઆરી – જ્યારે પ.પૂ. બાપાના વચને પ્રગટના સંબંધવાળા શ્રી નંદાજી માટે ધીકતો ધંધો પડતો મૂકી, ઑફિસ છોડી, સ્નેહી-સ્વજનોને ય એ સેવામાં લગાડી ચુંટણી વિજયમાં નિમિત્ત બનાવવા બદલ પ.પૂ. બાપાએ ગોંડળ-અક્ષરમંદિરે સતત્ ૭૨ કલાક સુધી મારી ચેતનાને સ્થૂળ શરીરમાંથી છૂટી કરી ગોલોક, વૈકુંઠ, બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ જેવી ચૈતન્યભૂમિકાઓનું તત્ત્વદર્શન કરાવી બ્રહ્મ-પરબ્રહ્મના દિવ્યસ્વરૂપોની અપરોક્ષાનુભૂતિ કરાવી અક્ષરધામની પરાત્પરતા ને અસલી નારાયણનું 'દર્શન' કરાવ્યું અને ગુણાતીતભાવના અમર છે ને અખંડિત રહી છે તેની ખાત્રી કરાવી.

૩. ૩૧મી જાન્યુઆરી ૧૯૫૪ – ભરત (પૂ. ભરતભાઈ, પવઈ મંદિર)નો જન્મદિવસ!

૪. ૨૮મી મે ૧૯૬૬ – જ્યારે સંસ્થાએ અમોને 'વિમુખ' કર્યા – એ દિવસ! પ.પૂ. બાપાને અમારો કેવો ને કેટલો ભરોસો આવ્યો હશે?

– ગુરૂહરિ કાકાશ્રી

* *આ પ્રસંગનો મહિમા જણાવતા – ખૂબ જ પ્રશંસા કરતાં પ.ભ. હર્ષદરાય ત્રિ. દવેએ બ્રહ્મસ્વરૂપ સ્વામિશ્રી શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રમાં પોતે લખ્યું છે– '...ગઢપુર એ શ્રીજીનું સર્વોત્તમ સ્થાન. તેની સર્વોપરી સેવા તો જે અતિ ભાગ્યશાળી હોય અને સ્વામીશ્રીની અપૂર્વ કૃપાના અધિકારી હોય, તેને જ મળે. તે સેવા આજે સ્વામીશ્રીને, મુક્તરાજ દાદુભાઈ, કાંતિભાઈ તથા છગનભાઈને આપવી હતી... ગઢપુરની અપૂર્વ સેવાના અનન્ય રાજીપાનું ફળ, આ મહામુક્તોને સ્વામિશ્રીએ આપ્યું. સત્સંગના ઇતિહાસમાં અનન્ય નિષ્ઠાવાળા આવા ભક્તોનો, પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિનો આ અપૂર્વ પ્રસંગ, પ્રેમ લક્ષણા ભક્તિના પ્રકરણમાં સદા પ્રેરણાના દિવ્ય પાન પાતો, ચિરઃ સ્મરણીય બની રહેશે!' (પ્રથમ આવૃત્તિ-ભા.૨, પૃ. ૩૪૭-૩૪૯)*



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ







બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



મંગળમૂર્તિ ગણપતિ દેવ



કષ્ટભંજન હનુમાનજી



ઘંટ



સુદર્શન ચક્ર



દીવો



સહસ્ત્રદળ કમળ



સૂર્ય-ચંદ્ર



કામધેનુ



સ્વસ્તિક



શ્રીયંત્ર



કાળચક્ર



ત્રિશૂળ



રુદ્રાક્ષ



શિવલિંગ



ॐ



श्री





મોર

ચરણારવિંદ



ગદા



કળશ



પાઁચજન્ય શંખ



ધજા




**ગુણાતીત સમાજ**



**યોગી ડિવાઈન સોસાઈટી**




અક્ષરજ્યોતિ




ગુણાતીત જ્યોત



અનુપમ મિશન



શ્રી અક્ષરપુરુષોત્તમ સત્સંગ કેન્દ્ર (સાંકરદા)

તમે અહીં આવ્યા ને? એ જ પાત્રતા. હવે બધી ચિંતા છોડી દો.

સ્ટૉપ યૉર ઍંજીન. લૅટ હીમ વર્ક. ધૂન જ બધું કરશે.

હકીકતોને ગણકાર્યા વગર, તમારી 'નિષ્ઠા'ના આધારે ધપો.

આપણી 'નિષ્ઠા' છે–
'પ્રભુ પ્રગટ છે, સર્વોપરિ છે, હિતકારી છે, મંગળકારી છે, પળમાં રહાય તે કરી શકે એમ છે અને એ મારા છે.
તેથી, એવા એ કશું ય નંદવાવા નહીં જ દે.'

# અક્ષરતીર્થ

*'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની'*– કવિ કલાપીની આ પંક્તિ અનુસાર, હંમેશા કાકામય રહેતા પ.પૂ. ગુરૂજીના સઘળા પ્રયાસ અહીં બધું જ કાકાશ્રીની સ્મૃતિથી ભરી દેવાનો રહ્યો છે. તેથી જ તો **પ.પૂ. ગુરૂજીએ** ૧૯૯૨ની ૨૬મી ઑક્ટોબરે અન્નકૂટોત્સવના મંગળકારી દિવસે **બ્રહ્મસ્વરૂપ પપ્પાજીના વરદ્ હસ્તે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીનો અસ્થિકુંભ** મંદિર પાછળ નિર્મિત પુષ્પસમાધિ **'અક્ષરતીર્થ'**માં પધરાવ્યો. ત્યારે બ્રહ્મસ્વરૂપ પપ્પાજીએ આશીર્વાદ પણ આપ્યા– ***'ગુણાતીત સમાજના આદ્યસર્જક, પ્રણેતા અને પ્રાણાધાર બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી અહીં બિરાજે છે.'***

પ્રભુધારક આવી વિભૂતિઓની વાણી સત્ય ઠરે છે. ઉત્તરભારતના મુક્તો માટે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી અહીં હાજરાહજૂર છે. અહીં મુક્તો જે કંઈ શુભ સંકલ્પ કરે છે તે સિદ્ધ થાય છે. માણાવદરની 'દેરી'ને પ.પૂ. યોગીબાપાએ 'અક્ષરદેરી' જેવી કહેલી, તેમ બ્રહ્મસ્વરૂપિણી જ્યોતિબેને આ પુષ્પસમાધિને **'આપણા બધાં માટે આ અક્ષરદેરી છે'** કહી બિરદાવી છે.

**૧૯૯૫ની ૨૧મી જાન્યુઆરીએ બ્રહ્મસ્વરૂપિણી સોનાબા**ના અંતર્ધાન થયા પછી, પ.પૂ. ગુરૂજીએ એમનો અસ્થિકુંભ પણ 'અક્ષરતીર્થ'માં મૂકાવ્યો અને... **બ્રહ્મસ્વરૂપ પપ્પાજી**ના સ્વધામગમન પછી **૨૦૦૬ની ૧૧મી જુલાઈ–ગુરૂપૂર્ણિમા**ના મંગળકારી દિવસે એમનો અસ્થિકુંભ પણ અહીં જ પધરાવી પ.પૂ. ગુરૂજીએ એમના અંતરની ભાવનાને વ્યક્ત કરી છે કે– **જેમ શ્રી અક્ષરપુરૂષોત્તમ ઉપાસનાના પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આપણે ભૂલી શકતા નથી, એમ 'ગુણાતીત સમાજના સર્જક' બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી અને બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની બંધુબેલડીને ક્યારે ય ભૂલી નહીં શકીએ.**

હકીકતે તો પ.પૂ. ગુરૂજીના અંતરની ઈચ્છા હંમેશા એ જ રહી છે કે સંસ્થાની પાયાની વિભૂતિઓને આપણે ક્યારે ય ગૌણ ન કરીએ. તેથી જ **2003ની 30મી માર્ચે,** જ્યારે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની સ્મૃતિમાં ભારત સરકારે ટપાલ ટીકીટ બ્હાર પાડી, ત્યારે, 'અક્ષરતીર્થ'માં એક શિલાલેખ* મૂકાવેલો. આ મંદિરની સ્થાપના કેવી રીતે અને ક્યારે થઈ એનું વિસ્તૃત વિવરણ એમાં લખાવ્યું છે. એમનાં આવાં કાર્યો પાછળ એમનો એક જ હેતુ હોય છે કે ભાવિમાં ગુણાતીત સમાજના આ સર્જકોનું નામ ભૂલાડવાની કોઈ કલ્પના ય ન કરે. રખે ભૂલીએ કે આજે આપણું જે કંઈ અસ્તિત્વ છે એ એમને જ લઈને છે.

---

* શિલાલેખ ઉપર લખેલ દિલ્હી મંદિરનો ઇતિહાસ પૃષ્ઠ ૯૦ પર વાંચશોજી.





## ગુણાતીતકુળ સકળના ભવ્ય ઘડવૈયા... કાકા હે ! અમર રહો...





સ્વામિશ્રીજી

# ★ કાકા હે, અમર રહો!

મુંબઈમાં ડાભોલકર રોડ પર ૧૯૪૮માં બ્રહ્મસ્વરૂપ સ્વામિશ્રી શાસ્ત્રીજી મહારાજે, દિલ્હી આવી રહેલા સત્સંગીબંધુ શ્રી ગુલઝારીલાલ નંદાજીને પોતાની અને ગુરૂવર્ય યોગીજી મહારાજની વચ્ચે બેસાડી અંતરના આશીર્વાદ આપેલા–

*'દિલ્હી જાઓ, સ્વામિનારાયણનો સંદેશો ફેલાવજો. મહારાજ જેમ અમારૂં સાંભળે છે તેમ આ સંતના સમાગમે તમારૂં પણ જરૂર સાંભળશે...'*

આમ, દિલ્હી અને પંજાબમાં સ્વામિનારાયણ ભગવાનનો સંદેશો શ્રી નંદાજી થકી ફેલાય ને વ્યાપક બને ને એવો સત્સંગ દૃઢ કરી બીજાને કરાવતા રહે એવી અભિલાષા સેવી મોકલ્યા હતા. સંજોગવશ તેમાં ઘણો વખત નીકળી ગયો, પણ સાક્ષાત્ પુરૂષોનો એ સંકલ્પ પૂરો કરવા તત્સ્વરૂપ પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજી ને સંતોને ૧૯૬૭ની ૫મી ડીસેંબરે પહેલી વાર દિલ્હી મોકલેલા.

દિલ્હી આવવા નીકળતા પહેલાં વડોદરામાં પૂ. ભીખાકાકાના ઘરને મેડે પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજીને કહેલું–

*'આ તમોને હું નથી મોકલતો; બાપાનો સંકલ્પ છે અને એમાં તમારે નિમિત્ત બનવાનું છે. બાપા જ આગળ-આગળ બધું ગોઠવતા જશે.'*

અને... ૧૯૬૯ના નવેંબરમાં તો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ગોંડળમાં લગાતાર દશ દિવસ સુધી દિલ્હીમાં મંદિર બનાવવાની રટ લગાડેલી–

*શિખરબંધ મંદિર થાય તો સારૂ... જમનાજીને સેવા જોઈતી હશે તો થશે... (દિલ્હી) ચોરાશી બંદરનો વાવટો કહેવાય, મંદિર થાય તો બહુ શોભે.*

૧૭.૧૧.૧૯૬૯

*દિલ્હીમાં મંદિર કરવું જ છે. શાસ્ત્રીજી મહારાજ પધરાવવા છે. આપણી તો ઈચ્છા છે જ; પછી બધાની મરજી...*

૨૦.૧૧.૧૯૬૯

*દિલ્હીમાં ઝટ મંદિર કરો ને શાસ્ત્રીજી મહારાજને બેસાડી દેવા છે...*

૨૩.૧૧.૧૯૬૯

*– બ્રહ્મસ્વરૂપ સ્વામિશ્રી યોગીજી મહારાજ (યોગી ચરિતમ્–પૃ. ૧૭૩)*

ગુરૂવર્ય પ.પૂ. યોગીજી મહારાજ અને ગુરૂહરિ પ.પૂ. કાકાશ્રી એકબીજાના કેવા અંતર્યામી–કેવું ઐક્ય!

દિલ્હી આવતા પ.પૂ. ગુરૂજીને આશીર્વાદ આપતા પ.પૂ. કાકાશ્રી બોલ્યા'તા–

*'અભિપ્રાયની આ ભક્તિના ફળરૂપે બાપા તમોને એવી સાધુતા આપશે કે તમારી આસપાસ સમાજ સહજ જ વધતો જશે.'*

પ.પૂ. કાકાશ્રીની પારદર્શી દૃષ્ટિ તો ભાવિને જોતી હતી ને?

આમ, ૧૯૬૭માં પ.પૂ. કાકાશ્રી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી, પ.પૂ. અક્ષરવિહારીસ્વામિજી અને પ.પૂ. સાહેબના આશીર્વાદ લઈ પ.પૂ. ગુરૂજી દિલ્હી આવ્યા. તે વખતે દિલ્હીમાં સત્સંગ પ્રચાર માટે કોઈ પ્લૅટફૉર્મ જ ન્હોતું. 'સ્વામિનારાયણ ધર્મ'નું નામ સુધ્ધાં કોઈ જાણતું ન્હોતું. દરેક રીતે ભીડો હતો. પણ, પ.પૂ. કાકાશ્રીની

બળભરી વાતો સાંભળતાં અને પરિશ્રમ દેખતાં કંઈ કેટલી ય ટીકાચર્ચા, મુશ્કેલીઓ, વિપરીત સંજોગોને ગણ્યા-કર્યા વગર પ.પૂ. ગુરૂજી દર વર્ષે દિલ્હી આવતા રહ્યા. ૧૯૭૪ સુધી બ્રહ્મસ્વરૂપ સ્વામિશ્રી શાસ્ત્રીજી મહારાજના લાડીલા અને પ.પૂ. કાકાશ્રીના સખાસ્વરૂપ ભારતરત્ન, અક્ષરનિવાસી ભૂતપૂર્વ કેન્દ્રિય ગૃહમંત્રી માનનીય શ્રી ગુલઝારીલાલ નંદાજીની ભલામણથી 'ભારત સાધુ સમાજ'માં રોકાઈ પોતાની સાધના અને સત્સંગનો પ્રચાર કરતા રહ્યા. ૧૯૭૪માં પ.પૂ. કાકાશ્રીની આજ્ઞાથી સંતમંડળે અહીં અશોકવિહાર-IIIમાં ભાડેના મકાનમાં રહેવાનું શરૂ કર્યું અને ૧૯૭૮થી સ્થાયીરૂપે એક કેન્દ્ર સ્થપાયું.

દિલ્હી-હરિયાણા-પંજાબના મુક્તોને દર્શન, સેવા, સમાગમનો અનુપમ લાભ આપી સુખિયા કરવા પ.પૂ. કાકાશ્રી પણ આવતા રહેતા. દિલ્હીમાં સત્સંગ કરાવવો એ રેતીમાં વ્હાણ ચલાવવા જેવું દુષ્કર કાર્ય હતું. પરંતુ, ઠંડી-ગરમી કે રાત-દિવસ જોયા વગર લોહીનું પાણી કરી અસહ્ય તડકા ને તાપમાં સાઈકલ રીક્ષા, શ્રી વ્હીલર કે બસમાં પ.પૂ. કાકાજી તેમજ પ.પૂ. ગુરૂજી ફરતા ને ડીસેંબર-જાન્યુઆરીની કડકતી ઠંડીમાં પણ પરોઢિયે ખુલ્લી જીપમાં હરિયાણા-પંજાબના વિચરણ માટે ય નીકળી જતા...

અથાગ પ્રયાસ પછી, ૧૯૮૫માં પ.પૂ. કાકાશ્રી સાથે અદ્‌ભુત પ્રીતિથી જોડાયેલા તત્કાલીન કેન્દ્રિય મંત્રી મા. શ્રી એચ.કે. એલ ભગતની ભલામણથી દિલ્હી વિકાસ પ્રાધિકરણે આપણને મંદિર નિર્માણ માટે આ જમીન ફાળવી.

અને... શનિવાર, ૧૩ એપ્રીલ ૧૯૮૫ની વૈસાખીના મહામંગળકારી દિવસે બૃહદ્ ગુણાતીત સમાજના પ્રમુખ પૂ. કાંતિકાકાની પ્રેરણાથી બ્રહ્મસ્વરૂપ સ્વામિશ્રી યોગીજી મહારાજના ઉત્તરાધિકારી વર્ગ–પ.પૂ. કાકાશ્રી અને સર્વે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં સરદાર હરચરણસિંહ નાગના વરદ્ હસ્તે 'શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિર અને આધ્યાત્મિક સંશોધન કેન્દ્ર'નું ખાતમુરત થયું.

સ્થૂળસ્વરૂપે તો પ.પૂ. કાકાશ્રી મંદિરની આ જગ્યા પર માત્ર ત્રણેક વાર જ આવ્યા ને ફર્યા અને... સ્થાવર તેમજ જંગમ મંદિરનો સંકલ્પ કરી ૧૯૮૬ની ૭મી માર્ચના શુક્રવારે તો એ મહાયોગીએ અમ સહુ વચ્ચેથી અચાનક વિદાય લઈ લીધી! અચાનક બનેલી આ દુઃખદ ઘટનાથી સૌ સ્તબ્ધ બની ગયા–કિંકર્તવ્યમૂઢ થઈ ગયા. આ વિષાદમાંથી બ્હાર આવતા લગભગ દોઢ વર્ષ વીતી ગયું.

પરંતુ, પ.પૂ. કાકાશ્રીએ તો કેવળ સ્થૂળ શરીરનો જ ત્યાગ કર્યો હતો! દિવ્યસ્વરૂપે તો એઓ આશ્રિતોના ચૈતન્યોના વિકાસની તેમજ એમના વ્યવહારની પળેપળની સંભાળ પહેલાં કરતાં ય વિશેષ રાખે છે. વળી, પ.પૂ. ગુરૂજી, પ.પૂ. દિનકરભાઈ અને પ.પૂ. ભરતભાઈ જેવાની અનુપમ ભેટ બી તો આપી જ છે.

પ.પૂ. પપ્પાજીના શબ્દોમાં–

*પ.પૂ. ગુરૂજી, પ.પૂ. દિનકરભાઈ અને તાડદેવના ભાઈઓએ પ.પૂ. કાકાશ્રીને અમર કરી દીધા!*

પ.પૂ. ગુરૂજીએ ક્યારે ય પ.પૂ. કાકાશ્રીની ખોટ લાગવા દીધી નથી. પ.પૂ. ગુરૂજીના રૂપમાં એમની હાજરીની અહીં સહુને પ્રતીતિ છે.

પ.પૂ. કાકાશ્રીના સંકલ્પે પૂ. મલ્કાની અંકલ સંબંધમાં આવ્યા ને પ.પૂ. ગુરૂજીનો જમણો હાથ બની ખૂબ આત્મીયતાથી એમણે મંદિર નિર્માણનું બીડું ઉઠાવ્યું અને... ૩જી ફેબ્રુઆરી ૧૯૮૮ના મંગળકારી દિવસે સહુ પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં મંદિરના પાયા નંખાયા!

૨૮મી જૂન ૧૯૮૮એ દિલ્હીમાં પ.પૂ. કાકાશ્રી સાથે જોડાયેલી બ્હેનોએ ભગવાન ભજવા ભાગવતી દીક્ષા લીધી અને 'અક્ષરજ્યોતિ મહિલા કેન્દ્ર'ની શરૂઆત થઈ.

૧૯૮૮થી ૧૯૯૩ સુધી મંદિરનું બાંધકામ ચાલતું રહ્યું. ખૂબ ભીડો વેઠી પ.પૂ. ગુરૂજી એક તરફ મંદિરના બાંધકામનું ધ્યાન રાખતા અને બીજી બાજુ વારંવાર જયપુર ય જતા રહી મંદિર માટે બની રહેલી મૂર્તિઓ પણ જોતા રહેતા.

વર્ષો પહેલાં પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજીને આશીર્વાદ આપ્યા'તા–

*દિલ્હીમાં તમારી પાસે મોટાં-મોટાં અદ્‌ભુત કાર્યો (સત્કર્મ) કરાવવાનાં છે અને ઇન્ટરનેશનલ આધ્યાત્મિક સંશોધન કેન્દ્રનો વિકાસ થશે.*

સાકાર બ્રહ્મની આ પરાવાણી સાકાર થઈ રહી'તી. ૧૯૯૦માં ૨૪મી ફેબ્રુઆરીએ પ.પૂ. ગુરૂજીના પ્રયત્ને દિલ્હી સરકારે અશોકવિહારના મુખ્ય માર્ગને 'સ્વામિનારાયણ માર્ગ' અને એ રસ્તેથી અશોકવિહાર-III માં આવતી ગલીને 'કાકાજી લેન' નામ આપ્યું.

૧૯૯૪ની ૩જી ફેબ્રુઆરીએ–પ.પૂ. કાકાશ્રીના અમૃતપર્વે સર્વે ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા થઈ અને 'ગુરૂહરિ યોગીજી મહારાજનો સંકલ્પ' સાકાર થયો. યમુનાને કિનારે એટલે કે દિલ્હીમાં પ્રસન્નવદન કરૂણાનિધાન શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજ શુદ્ધ ગુરુપંરપરા સાથે વિરાજી ગયા.

આમ ભુજથી સુરત સુધીના પ્રદેશમાં જ જાણીતો થયેલો આપણો સંપ્રદાય ને સર્વોત્તમ તત્ત્વજ્ઞાન કે જે આપણી જ કેટલીક સંકુચિત ભાવનાઓને લીધે ગુજરાત બ્હાર પ્રસરી શક્યો ન્હોતો, તે હવે દિલ્હીના આપણા આ કેન્દ્રમાંથી સાક્ષાત્ સ્વરૂપોના સંકલ્પે દિલ્હી, હરિયાણા, પંજાબ અને ઉત્તર ભારતમાં વ્યાપક બન્યો. શ્રી અક્ષરપુરૂષોત્તમનું સનાતન જીવંત ગુણાતીત જ્ઞાન–બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવાનું–પ્રત્યક્ષની નિષ્ઠા કરવી ને કરાવવાનું–આત્યંતિકી મુક્તિનું–જીવનમુક્તદશા પ્રાપ્ત કરવાનું ભગીરથ કાર્ય અહીં શરૂ થયું. પરિણામે, ઉત્તર ભારતમાં વચ. છે. ૨૧ મુજબ આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલો–ભગવાનનો થઈને, ભગવાનના બળે ને ભગવાનના આધારે જીવતો એક 'નૂતન ગુણાતીત સમાજ'–એક દિવ્ય કુટુંબ ઊભું થયું.

કરોડો રૂપિયા ખર્ચતાં પણ જે સંસ્કાર, કુટુંબભાવ, પ્રેમ, મૈત્રીભાવ, સુહૃદ્‌ભાવ, એકતા સિદ્ધ ન થાય, એનું અહીં સિંચન થઈ રહ્યું છે. અહીં દરેકને શાંતિનો, પોતીકાનો અને પારમેશ્વરી શક્તિનો અનુભવ થાય છે. પ.પૂ. કાકાશ્રી ઘણી વાર બોલેલા–*દિલ્હી મારું અને હું દિલ્હીનો.* એમનું આ વચન પ.પૂ. ગુરૂજી પાસે ને દિલ્હી આવનારા દરેક મુક્તોને અદ્‌ભુત શાંતિ અને બળ આપે છે. પૂ. મલ્કાની અંકલના શબ્દોમાં–

*દિલ્હીના આ મંદિરનું નિર્માણ–એ એક સમર્થ ગુરૂ અંતર્ધાન થયા પછી પછી પણ પોતાના આશ્રિત શિષ્યોના વ્યવહાર ને ચૈતન્યોનું કેવું જતન કરતા રહે છે એનું આપોઆપમાં જ એક અનોખું ઐતિહાસિક ઉદાહરણ છે.*

બીજી બાજુ, જેમ કે ગુરૂવર્ય યોગીજી મહારાજ કહેતા–*તાડદેવ અક્ષરધામનું તખત!* અને... પ.પૂ. હરિપ્રસાદસ્વામિજીએ તો એને *'ગુણાતીત સમાજની ગંગોત્રી'* કહી નવાજ્યું; કારણ કે ગુણાતીત સમાજનો ઉદ્‌ભવ તાડદેવથી જ થયો. પ.પૂ. ગુરૂજીના દિલમાં તો તાડદેવ પ્રત્યે એક અનોખું જ ખેંચાણ રહ્યું છે. વળી, મુંબઈમાં હવે સત્સંગની બધી પ્રવૃત્તિ પવઈ–અક્ષરધામ મંદિરેથી થતી હોવાથી ભાવિમાં 'તાડદેવ'નું નામ કંઈ ધૂંધળું ન પડી જાય, એ હેતુથી દિલ્હી મંદિરના પરિસરનું નામ જે પહેલાં 'અનિર્દેશ' હતું, તે સહુની સહમતિથી બદલી ગુરૂજીએ 'તાડદેવ' રાખી દીધું! આમ સહુના હૈયે રહેશે કે ગુણાતીત સમાજનો પ્રારંભ જ્યાંથી થયો, એને રખે ક્યારે ય ભૂલીએ !

બે વર્ષ પછી, એટલે કે ૨૦૦૨માં પ.પૂ. કાકાશ્રીના સાક્ષાત્કારની સુવર્ણજયંતીના મંગળ અવસરે પ.પૂ. ગુરૂજીને થયું–

*'ભગવાન સ્વામિનારાયણનો સંદેશો વ્યાપક કરવા ને દેશ-વિદેશમાં ગુણાતીત જ્ઞાનનાં બી નાખવા પ.પૂ. કાકાશ્રીએ પોતાની જાતને હોમી દીધી. હંમેશા દરેકના મંગળની જ કામના રાખી. ગુણાતીત સમાજના એકે એક કેન્દ્રના પોતે જ પ્રેરક-પ્રણેતા હોવા છતાં દરેક 'વિભૂતિ'ને આગળ કરી અને પોતે પાયામાં ધરબઈ જઈ આપણે માટે સુહૃદ્‌ભાવનો 'રાજમાર્ગ' ખોલી આપ્યો... તેથી સમાજને એમની એક ઓળખાણ આપવા–એમનું સન્માન કરવા ટપાલ ટિકિટ કેમ નહીં બ્હાર પાડીએ?'*

તેથી, પ.પૂ. ગુરૂજીએ ભારત સરકારને આ અંગે એક આવેદન પત્ર લખ્યો. તત્કાલીન કેંદ્રિય વસ્ત્રમંત્રી અને આત્મીય સત્સંગીબંધુ મા. શ્રી કાશીરામભાઈ રાણા સાહેબના

સાથ-સહયોગથી પ.પૂ. ગુરૂજીના અંતરની આ ભાવના સાકાર થઈ અને ૨૦૦૩ની ૩૦મી માર્ચે-પ.પૂ. ગુરૂજીના પ્રાકટ્ય ઉત્સવે સર્વે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં મા. શ્રી અરૂણ શૌરી-કેંદ્રિય સંચાર અને સૂચના પ્રસારણ તેમજ વિનિવેષ મંત્રીએ પ.પૂ. કાકાશ્રીની ટપાલ ટિકિટ બ્હાર પાડી. આ કેવળ ગુણાતીત સમાજ માટે જ નહીં, પણ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ મહાગુજરાત માટે એક અત્યંત ગૌરવની ઘટના છે.

ત્યાર પછી ૨૦૦૬ની ૨૮મી મેએ ગુરૂહરિ પપ્પાજી સ્થૂળરૂપે ભલે અંતર્ધાન થઈ ગયા, પણ પ્હેલાં જ આપેલા ઈશારા પ્રમાણે હંમેશને માટે દિલ્હી મંદિરે આવી વસી ગયા; જ્યારે ૨૦૦૭ની ૨૫મી માર્ચે પ.પૂ. ગુરૂજીએ સર્વે પ્રત્યક્ષ સ્વરૂપોના વરદ્ હસ્તે, બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની મૂર્તિની લગોલગ બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની બરોબર એ જ કદની આરસની મૂર્તિ પધરાવી, પ્રતિષ્ઠા કરાવી. આમ 'ગુણાતીત સમાજના આદ્યસર્જક'-બંધુબેલડી આજે દિલ્હી મંદિરના સિંહાસને સૌને દર્શન દેતી ભેગી વિરાજમાન છે.

સ્વર્ગીય શ્રી એચ. કે. એલ ભગત સાહેબની ભલામણે દિલ્હીના લેફ્ટન્ટ ગવર્નર શ્રી રમેશ ભંડારીજીએ ભગવાન ભજતી બ્હેનો માટે ડી.ડી.એ. પાસેથી જે જમીન અપાવેલી, એના પર છેલ્લા દશ વર્ષથી થઈ રહેલા ભવનનું બાંધકામ આ વર્ષે પુરું થયું અને ૨૫મી ઑક્ટોબર-શરદ્પૂર્ણિમાએ પ.પૂ. હરિપ્રસાદસ્વામિજીના વરદ્હસ્તે 'અક્ષરજ્યોતિ'નું * ઉદ્ઘાટન થયું.

પ.પૂ. ગુરૂજીના સર્વદેશીય ઉઠાવથી રાજી થઈ, જાણે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવા પ.પૂ. કાકાશ્રીએ, મંદિરને અડીને જ 'નેઈબરહુડ પાર્ક' માટે વર્ષોથી એમ જ પડી રહેલી જમીન ડી.ડી.એ. દ્વારા મંદિરને સોંપાવડાવી! વર્ષો પહેલાં આ જમીન તરફ હાથનો ઈશારો કરી પ.પૂ. કાકાશ્રીએ તો પ.પૂ. ગુરૂજીને કહી જ દીધેલું કે જમીન માટે તું શું કામ ચિંતા કર્યા કરે છે? અહીં તને જેટલી જોઈએ એટલી જમીન મળી જશે.

પ.પૂ. ગુરૂજીએ પણ રાત-દિવસ જહેમત ઉઠાવી આ અણમોલ બક્ષીસની માવજત કરવામાં કોઈ કસર રાખી નહીં ને કેવળ એક જ વર્ષના ટૂંકા ગાળામાં આ જમીનનો કાયાકલ્પ કરી દીધો!

પ.પૂ. પપ્પાજી ઘણી વાર કહેતા-*૧૯૫૨ની ૩જી ફેબ્રુઆરીએ પ.પૂ. કાકાજીને થયેલા સાક્ષાત્કારથી ગુણાતીત સમાજનું સર્જન થયું ગણાય.*

આ રહસ્યને છતું કરવા પ.પૂ. ગુરૂજીએ દિલ્હી સરકાર પાસે આ બગીચાનું નામ 'તીન ફરવરી પાર્ક' અપાવી ૨૦૦૯ની ૧૩મી માર્ચે પૂ. વશીભાઈના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું અને... બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી તેમજ એમના સાક્ષાત્કાર દિવસને ચિરંજીવ કરી દીધા!

પ.પૂ. કાકાશ્રી હંમેશા કહેતા-

આ પાવર હાઉસ અખંડ છે, અખંડ રહેવાનું છે.

શ્રી અક્ષરપુરૂષોત્તમની તત્ત્વનિષ્ઠાનું રહસ્ય છતું કરતું તેમજ ગુરૂનિષ્ઠા અને ગુરૂભક્તિના આદર્શરૂપે આ મંદિર યુગો-યુગ સુધી પ.પૂ. કાકાશ્રીની ઓળખને જીવંત રાખશે.

ગુણાતીત સમાજની જય હો-જય હો-જય હો!

શુભં ભવતુ-મંગલં ભવતુ!

૧૨ જૂન ૨૦૧૦, શનિવાર

---

* અક્ષરજ્યોતિના ઉદ્ઘાટન વખતે પ.પૂ. ગુરૂજીએ આપેલા આશીર્વાદ પૃષ્ઠ ૯૭ પર વાંચશોજી.

‘અક્ષરતીર્થ’માં બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના અસ્થિકુંભની સ્થાપના–૨૬ ઑક્ટોબર ૧૯૯૨, અન્નકૂટ







ગુરુજીએ કાકાશ્રીને અમર કરી દીધાં... – પ.પૂ. પપ્પાજી



આપણા માટે આ ‘અક્ષરદેરી’ જ છે. – પ.પૂ. જ્યોતિબેન

# 'અક્ષરતીર્થ'માં બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજના અસ્થિકુંભની સ્થાપના – ૧૧ જુલાઈ ૨૦૦૬, ગુરૂપૂર્ણિમા











*ગુણાતીત સમાજના*
*આદ્ય સર્જક, પ્રણેતા અને પ્રાણાધાર*
*બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાશ્રી અને પ.પૂ. પપ્પાજી*
*અહીં વિરાજમાન છે.*

*– પ.પૂ. ગુરૂજી*

# ‘અક્ષરજ્યોતિ’નું ઉદ્‌ઘાટન – ૨૫ ઑક્ટોબર ૨૦૦૭, શરદ્‌પૂર્ણિમા












*‘અક્ષરજ્યોતિ’માં ગુરૂજી સાથે હું આવ્યો; અહીં મકાનમાં પ્રવેશ કરતાં જ મને થયું કે બહનો માટે ગુરૂજીએ કેટલી સુંદર વ્યવસ્થા કરી દીધી! આ મંદિરના ખૂણે-ખૂણે ગુરૂજીની ભક્તિ અને પ્રીતિનું અનુપમ દર્શન થયું... ગુરૂજી જ્યાં રહે છે– એ મંદિર તો હજુ ખૂબ અધૂરું છે. બહનો માટે તો અદ્‌ભુત વ્યવસ્થા કરી દીધી. સાધકો માટે પરફેક્ટ મકાન... દીકરીઓને કોઈ પ્રકારની કંઈ તકલીફ ન પડે– એ જ એમની ભાવના!*

*– પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી*

स्वामिश्रीजी

# * અક્ષરજ્યોતિના ઉદ્‌ઘાટનના અવસરે પ.પૂ. ગુરૂજીએ વરસાવેલા આશીર્વાદ

અતિસમર્થ 'વિભૂતિ'–પ.પૂ. કાકાશ્રીની છત્રછાયે ને એમના બળે માયા સામે જંગ માંડી 'અક્ષરની વાટે' નીકળેલી ગુણાતીત સમાજની વિરાંગનાઓને–

સહુ પ્રથમ તો – પુરૂષોની જેમ બ્હેનો પણ સ્વતંત્રપણે આજીવન ભગવાન ભજી શકે એ માટે એક વ્યવસ્થા કરી આપવા સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક ક્રાંતિકારી પગલું ઉપાડી જેમણે ગુરૂવચનને પહેલ કરી અને એ અર્થે અનેક અપમાનો સહ્યાં- ગાળો ખાધી ને અંતે સંસ્થાએ જેમને ભગતજીની જેમ 'વિમુખ' પણ કર્યા, એ **'દાદુકાકાની'** તરીકે ઓળખાતી બ્હેનોની આ સેવા માટે પ.પૂ. કાકાશ્રીએ મને તક આપી નિમિત્ત રૂપે વાપર્યો, એ બદલ એઓશ્રીનાં જ ચરણોમાં કોટી-કોટી પ્રણામ!

અહોહો! કાકાશ્રીને મારે વિષે કેવું ને કેટલું હેત કે આટલો મારો પક્ષ! અને... આ વાત વિચારતા મને પપ્પાજી સહજ જ સાંભરે... વિદ્યાનગર -રામકૃષ્ણ મિશનના હૉલમાં પોષીપૂનમની આપણી શિબિરો થતી, ત્યારે એક વાર ત્યાં ભરતજી અને હરણીના બચ્ચાનું ચિત્ર બતાવતા પપ્પાજી મને કહે – *આ કાકા અને મુકુંદ!* આજે એ વાતનું તથ્ય-મર્મ સમઝતા મારૂં હૈયું સહજ જ રડી ઊઠે કે ખરેખર કેવી અપ્રતીમ પ્રીતિ આ ગુણાતીત પુરૂષોએ આપણી સાથે કરી? એમણે પાત્રતા ય જોયા-કર્યા વગર આશીર્વાદ વરસાવ્યા જ કર્યા ને સાથોસાથ ઘડતરે ય કરતા રહયા. એક વાર મેં મારી ઉણપો છતી કરતાં કાકાશ્રી પાસે કંઈ વાત કરી ત્યારે એ વાતોને ય પૂરી સાંભળ્યા કર્યા વગર એઓ વચ્ચે જ બોલ્યા :

*'તારી બધી જ-સંપૂર્ણ જવાબદારી મારી છે ને તારી પાસે તો મોટાં-મોટાં સત્કર્મો કરાવવાનાં છે. એના વ્હેણમાં આ બધું ક્યાંય ધોવાઈ જશે એની ખબરે ય નહીં પડે.'*

આજે શરદ્‌પૂર્ણિમા! મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજીનો પ્રાગટ્ય પર્વ અને સાથોસાથ પ.પૂ. સ્વામિજીનો ભાગવતી દીક્ષા દિન!

પ.પૂ. સ્વામિજીએ આ મહામંગળકારી દિવસે 'અક્ષરજ્યોતિ'માં પધારી 'નૈમિષારણ્ય'નું ઉદ્‌ઘાટન કરી, મૂર્તિઓની આરતી કરી મને જે ધરપત કરી છે એનો તો કોઈને અંદાજે ય નહીં આવે.

'અક્ષરજ્યોતિ' એટલે જ અમારી 'આનંદી'! વર્ષો પ્હેલાં કોઈ એક પ્રસંગે આનંદીને મેં ગુલાબના ફુલવાળા પિક્ચરનું નાનું સોવિનિયર મોકલેલું. એના પર રાઈટીંગ છે – *'A single rose can be my garden.'* કહી શકાય કે આનંદી દીદી દ્વારા એ ભાવનાએ સાકાર રૂપ લીધું જ છે ને આજે અહીં તેર બ્હેનો ભગવાન ભજતી થઈ ગઈ!

આનંદીનો ઈતિહાસ પણ એક શૌર્યભર્યા સાહસની કથા છે. જો કે સ્વયં તો પ્રેમનું-આત્મીયતાનું જાણે એક નાઈટીંગૅલ જ છે. એ વાતનો તો સહુને પરિચય પણ છે. જ્યારે ય તમોને કોઈને મળતી હશે - કાયમ હસતી! હું એ અંગે વધું કંઈ પણ કહું એ અયોગ્ય જ ગણાય; કારણ, ગુજરાતીમાં કહીએ છીએ ને કે વરને કોણ વખાણે? વરની મા! – એવું લેખાશે. એટલે એ અંગે વધુ પિષ્ટ-પેષણ જ કરતો નથી. આમે ય સહુ જાણે છે-આનંદી એટલે? ગુરૂજીનું પૈંડુ! હું ય તે કહું છું–'દીદી એટલે? મારૂં ટૅપ રૅકોર્ડીંગ!' પણ, રખે ભૂલતા– મારી જેમ જ દીદી સ્વતંત્ર મિજાજની ય છે.

આનંદીએ ભગવાન જ ભજવાનો નિર્ણય લીધો ને એને ઘરે એનો વિરોધ હતો એટલે, દિલ્હીમાં એને ક્યાં રાખવી એ એક પ્રશ્ન હતો. પણ, ત્યારે પ.પૂ. કાકાશ્રી સ્થૂલરૂપે વિદ્યમાન હતા; તેઓશ્રીની આજ્ઞાએ કરી મુંબઈ ગૌરાંગને ત્યાં, વનલતાને ત્યાં, પછી પંઢરપુર રાધા અક્કા પાસે ને ત્યાંથી સાહિબાબાદ આર.કે.અગ્રવાલને

ત્યાં આવી રહી. છેવટે પંજાબ-સવદ્દીકલામાં પ.ભ. ધરમપાલને ત્યાં છ મહિના ગુપ્તવાસે રહી દિલ્હી પાછી આવી, અમારા પ.ભ. વિજયબાબુની બ્હેન બની એમને ત્યાં રહી ભગવાન ભજવાનો આરંભ કર્યો. ખરેખર! ધન્યવાદ છે વિજયબાબુને કે એ કટોકટીના સમયે સમાજના ડરની સ્હેજે પરવા કર્યા વગર એક પારકી જુવાન છોકરીને એમણે પોતાને ત્યાં રાખી! પછી તો સ્મિતા-ગૌરી-સ્વાતિ-નિષ્ઠા જેવા આ માર્ગે ચાલવા તૈયાર થયાં ને એ નાના મંડળે એ-૧૦૩ના મંદિરની સામે ૧-બી જનતા ફ્લેટ્સમાં રહી આરાધના ચાલુ રાખી. પણ, ત્યાં તો પ.પૂ. કાકાશ્રીએ લીલા સંકેલી!

પણ, ધીરે ધીરે દીદી પણ અહીં બ્હેનો-ભાભીઓમાં ઓતપ્રોત થતી ગઈ ને... મહિલા વિભાગની પ્રવૃત્તિ પણ એમણે સંભાળી લીધી. બ્હેનોની સંખ્યા ને પ્રવૃત્તિ વધતી ગઈ, એટલે એઓ 'શક્તિ એપાર્ટમેન્ટ્સ'માં શીફ્ટ થયાં.

શ્રી એચ.કે.એલ ભગત સાહેબને પ.પૂ. કાકાશ્રી સાથે ખૂબ પ્રીતિ હતી જ, એટલે આ બ્હેનો માટેની વ્યવસ્થામાં પોતાનું યોગદાન આપવાની જ એક ભાવનાથી આઉટ ઑફ ધી વે જઈને ડી.ડી.એ. પાસે અહીં મંદિરની નજદીક જ બ્હેનો માટે ૧૯૮૯માં એમણે જમીન ફાળવી. ઠેઠ ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજીએ ત્યાં ભૂમિપૂજન કરેલું ને આજે દશ વર્ષે બ્હેનોનું આ ભવન તૈયાર થયું. આ નિર્માણ માટે દશ વર્ષનો ગાળો આમ તો ઘણો મોટો ગણાય. પણ, આ દરમ્યાન કંઈ એવા પ્રસંગો ઘટ્યા – જેવા કે પૂ. દીદીનું હાર્ટનું ઑપરેશન, મારી બાઈપાસ સર્જરી, પરછાંઈની કીડની ટ્રાન્સ્પ્લાન્ટ – જેણે કરીને બાંધકામ ખેંચાતું ગયું.

ખરેખર, ધન્યવાદ છે અત્રેના મુક્તોને કે આ દરેક પ્રસંગે તો તેઓ સાથે ઊભા રહ્યા જ, પણ પોતાનું-પોતાની સગી બ્હેનોનું એક કામ ખોરંભે પડયું હોય એમ અક્ષરજ્યોતિની ચિંતા ય કરતા રહ્યા. પંજાબ-જગરાંવના અમારા મહેન્દ્ર જ્યસ્વાલ અહીં આવ્યા પણ છે. ૨૦૦૧ની સાલમાં એણે મકાન કરવા પ્લૉટ લીધો. પણ, ત્યાં કોઈ કામ શરૂ ન કર્યું. હું જ્યારે ય પૂછું કે ક્યારે મુહૂર્ત કરે છે? તો એનો એક જ જવાબ હોય-'અક્ષરજ્યોતિ હો જાને દો, ફિર શુરુ કરેંગે' અને એની મોકળાશે એ લગાતાર એનું કૉન્ટ્રીબ્યુશન મોકલતા જ રહેતા. અમારી નિશિના અનિલજીએ અક્ષરજ્યોતિની સેવા માટે જ આર્કીટેક્ટનો કોર્સ કર્યો ને ડી.ડી.એ.ની જૉબ લટકતી જ રાખી અક્ષરજ્યોતિના બાંધકામની જવાબદારી સંભાળી લીધી. આવાં તો કંઈ કેટલાંય નામ ગણાવાય.

અરે! જેઓ પોતે આર્થિક રીતે આમાં ડાઈરેક્ટ કંઈ કૉન્ટ્રીબ્યુટ નથી કરી શક્યા એ નાનાં બાળકો-યુવકો-દિકરીઓ-ભાભીઓ સર્વે રદ્દીના અમારા અભિયાનમાં જોડાઈ ગયાં. સારાં ઘરનાં બૈરાં ય આ રીતે માગવા નીકળી પડે છે – એ જોઈ આપનારા પણ દંગ થઈ હોંશે-હોંશે આપતા ગયા.

અમારા પુરી સાહેબ છે. હમણાં હમણાં જ બેંકમાંથી રીટાયર્ડ થયા છે. આપણી સાથે એમને ખૂબ એટલે ખૂબ હેત છે. એમની સિન્સિયારીટી, આવડત વગેરેને લઈને બેંકે એમને ૨૫ – ૩૦ હજાર સેલરીની એડવાઈઝરી જૉબ માટે ફરી ઑફર જ નહીં, પણ આગ્રહ ય કર્યો; પણ એમણે જોયું છે કે ગુરુજીને ભણેલા-ગણેલા એક હેલ્પીંગ અને રિસ્પૉન્સિબલ હૅન્ડની ખૂબ જરૂર છે-તેથી કંઈ પણ વિચાર્યા કર્યા વગર એ ઑફર ઠેલી જ દીધી! આ છે પ.પૂ. કાકાશ્રીએ અહીં ઊગાડેલો કુટુંબભાવ!

છેલ્લે-છેલ્લે આપણો આશિષ પણ એના નક્શુને મૂકીને રાત દિવસ જોયા વગર આમાં કૂદી જ પડયો ને યુદ્ધસ્તરે કામ ઉપાડયું. અંતે આપણો આ સંઘ કાશીએ પહોંચ્યો ખરો. એક કામ પૂરું થાય છે એનો માત્ર આજે 'આનંદ' નથી, પણ જે કુટુંબભાવે બધાંએ-બાપા કહેતાં એમ હોલા ઉપાડ કરી આ ઉકેલ્યું છે, એનો 'હર્ષ' છે.

પણ... બ્હેનો હવે ખૂબ સાવધાન રહે. તમે હવે જાહેરમાં આવ્યા. એટલે તમારી જવાબદારી ખૂબ વધી જાય છે. ભૂલતા નહીં કે 'ભગવાન ભજવા' જ આપણે આ રસ્તે ચાલ્યા છીએ. એ સિવાય કોઈ ઉદ્યમ-પ્રવૃત્તિ કરવી જ નથી. બીજું બધું ટાટા-બીરલા-અંબાણી કુટુંબ-મિત્તલ-બીલ ગીટસ જેવાઓ દ્વારા મહારાજ કરાવતા રહેશે. આ

મારું માનવું છે. એ ક્ષેત્ર-એ સ્ફીઅર આપણું છે જ નહીં. ‘ભગવાન સાધવા ને ભગવાન આપવા’–એ સિવાય કંઈ જ કરવું નહીં. ધ્યેયની આ સ્પષ્ટતા રાખશો તો સરળતા રહેશે.

પ.પૂ. કાકાશ્રી કહેતા કે અક્ષરપુરૂષોત્તમના સિદ્ધાંતે ભગવાન ભજવાની શરૂઆત જ ધામ, ધામી ને મુક્તોના ભજનથી થાય છે. અર્થાત્ આપણે માટે આ સિવાય બીજું કંઈ પણ સત્ય છે જ નહીં. તો, પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપ થકી મહારાજનું પ્રગટપણું ને સર્વોપરીપણું માની એના સંબંધવાળા સહુમાં સુહૃદ્‌ભાવ ને નિર્દોષબુદ્ધિના સિદ્ધાંતે કુટુંબીઓ જેવી આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી ને કરાવતા રહેવી. આ ભાવના જેટલી વ્યાપક બને, આવા મુક્તો જેટલા તૈયાર થાય એટલો ‘સત્સંગ’ વધ્યો ગણવો. આ એક જ ધંધો કરવો.

યાદ હોય તો, કાકાશ્રી બોલતા –

*‘આટલાં વરસથી અમે બાપાની દુકાન ચલાવીએ છીએ.’*

ભૂલીએ નહીં કે કાકાશ્રી ને પપ્પાજીને ‘સત્સંગ’નું એક સ્પષ્ટ દર્શન હતું.

આવી વાત કરી એમને પોતાનો કોઈ ધજાગરો ન્હોતો કરવો કે બણગાં ન્હોતા ફૂંકવા. પણ, હવે સમઝાય છે કે એઓ આપણને કહેતા કે તમે પણ અમારી જેમ આ જ ચલાવજો. ‘આત્મબુદ્ધિ ને પ્રીતિનો-કુટુંબભાવનો સત્સંગ’ જ વધારજો. બીજે ભામે નહીં ચઢી જતાં. સ્વામીની એક વાત છે –

*‘જો ગરાસિયો મોટેરો હોય તો પૃથ્વી ભેળી કરે, વાણિયો મોટેરો હોય તો દ્રવ્ય ભેળું કરે, બ્રાહ્મણ મોટેરો હોય તો પુસ્તક ભેળાં કરે ને રબારી મોટેરો હોય તો ઢોરાં ભેળાં કરે, પણ કોઈએ એકાંતિકનાં ટોળાં ભેગાં કર્યાં? બીજામાં કાંઈ માલ નથી. તે સારૂ આવા સાધુનો સમાગમ કરી લેવો ને એકાંતિક સાધુ થાવું...’*

સ્વામીએ આ પોતાની વાત કરી છે કે ભગવાનનું એ ભવ્ય સ્વરૂપ; તેથી એકાંતિકનાં ટોળાં ઊભા કરવાનો જ એમણે ઉદ્યમ કર્યો છે. આપણે ય તે બોલીએ છીએ ને કે અમને ભગવાનનું ભવ્ય સ્વરૂપ મળ્યું! તો આ સિવાય બીજું કરી, શું કામ આપણા ગુરૂને લજવવા? તો, સ્ત્રીપુરૂષના ભાવથી પર, છતાં આપણી મર્યાદામાં જ રહેતા થકાં ‘એકતા એ જ એકાંતિકપણું’ના ન્યાયે એકાંતિક ભક્ત થઈ, એ માર્ગે જ સહુને લઈ જવાનો ઉદ્યમ કરીએ.

કાકાશ્રી આ જ વાત જુદી ભાષામાં કહેતાં – *‘સ્પીરિચ્યુઅલ ટૅક્નીશ્યન્સ’ બની, એવા બીજા તૈયાર કરો.*

તો, આ ધ્યેય તરફ જ નજર રાખતા રહી ‘શુદ્ધ સત્સંગ’ના માર્ગે જ અગ્રસર રહીએ એવા ભગવાન સ્વામિનારાયણ, સ્વામી, સહુ ગુણાતીતસ્વરૂપો અને પ.પૂ. કાકાશ્રી આશીર્વાદ વરસાવે એ જ પ્રાર્થના. અંતમાં –

પ.પૂ. સ્વામીજીએ, આજે આરતી કરી મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. હવે આ બ્હેનો સહુ અહીં સર્વપ્રકારે નિરામય-કુશળ રહે ને અહીં આવનાર હર કોઈને શાંતિનો અનુભવ થાય-નામ પ્રમાણે હૉલમાં બેસી ભજન કરનારને ‘નૈમિષારણ્ય’ વર્તે...અહીં બેસી રહેવાનું જ મન થાય ને ભજનના બળે એમના દરેક પ્રશ્નોનો ઉકેલ મળે...

એવી ભગવાન સ્વામિનારાયણ, સ્વામી અને સર્વે ગુણાતીતસ્વરૂપો તેમજ પ.પૂ. કાકાશ્રીનાં ચરણોમાં પ્રાર્થના સહ

તમારા **ગુરૂજી**ના જય સ્વામિનારાયણ.

૨૫ ઑક્ટો.’૦૭, શરદ્‌પૂર્ણિમા.

## ‘તીન ફરવરી પાર્ક’નું ઉદ્‌ઘાટન – ૧૩ માર્ચ ૨૦૦૯, પ.પૂ. ગુરૂજીનો પ્રાકટ્ય દિન














*૩જી ફેબ્રુઆરી ૧૯૫૨ એટલે–ગુણાતીત સમાજનો સ્થાપના દિન–વિજય દિન!* – પ.પૂ. પપ્પાજી

# તીન ફરવરી પાર્ક...

પાટનગર દિલ્હીના અશોકવિહાર ક્ષેત્રમાં દાખલ થતાં જ મુખ્ય માર્ગ છે–**'સ્વામિનારાયણ માર્ગ'**! એ રસ્તેથી અશોકવિહાર ફેઝ-૩માં આવતી ગલી છે–**'કાકાજી લેન'**!! અને... 'કાકાજી લેન'માં આવેલા 'શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિર'ની લગોલગ છે–**'તીન ફરવરી પાર્ક'**!!!

અજાણ મુમુક્ષુને તો આ 'કાકાજી' કોણ અને પાર્કનું નામ 'તીન ફરવરી પાર્ક' શાથી?–કુતૂહલ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ગુણાતીત સમાજના સભ્ય માટે તો એવો કોઈ પ્રશ્ન નથી, બલ્કે ગૌરવ લેવાની વાત છે. કારણ–બ્રહ્મસ્વરૂપ પપ્પાજીના કહ્યા મુજબ **'ગુણાતીત સમાજનો સ્થાપના દિવસ' ૩જી ફેબ્રુઆરી** ગણાય! એ દિવસે ગુરૂવર્ય યોગીજી મહારાજે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીને 'સાક્ષાત્કાર' કરાવેલો. ત્યાર પછી ગુરૂહરિ યોગીજી મહારાજ રૂપે સાક્ષાત્ પ્રભુ વિચરણ કરી રહ્યાની એમણે સહુને ઓળખાણ આપી. અને... એમના સંબંધવાળા સહુ મુક્તો સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ યુક્ત ઉઠાવ લીધો. પરિણામે એક 'યોગી પરિવાર' પાંગર્યો, જે ગુણાતીત સમાજ રૂપે વિકસ્યો. **એ સમાજના સભ્ય થવાની આપણને તક મળી, એ જ આપણા જીવનની ધન્યતા છે.**

બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની પ્રત્યક્ષ હાજરીમાં દિલ્હી મંદિરની જમીન અંગે ચર્ચા ચાલી રહી હતી, ત્યારે મંદિરની આ જમીન પર ઊભા રહી જઈ, હાથથી ઈશારો કરતા પ.પૂ. કાકાશ્રીએ પ.પૂ. ગુરૂજીને આશીર્વાદ આપેલા–

*'રાજા, તમને અહીં જેટલી જોઈએ એટલી જમીન મળી જશે.'*

**૧૯૮૫ની ૨૮મી મે**એ સરકારે મંદિર માટે આ જમીન તો ફાળવેલી, પણ છેલ્લા ૩૦ વર્ષથી મંદિરની અડોઅડ એમ જ પડી રહેલી જમીનની ગંદકીથી મંદિરનું વાતાવરણ દૂષિત રહેતું હતું. એને સાફ કરાવવા પ.પૂ. ગુરૂજીએ સરકારને બે-ત્રણ વાર અરજી કરેલી, પણ...

**૨૦૦૬ની ૨૮મી મે**એ બ્રહ્મસ્વરૂપ પપ્પાજી સ્વધામ સિધાર્યા. સહુની સહમતિથી ટૂંક સમયમાં પ.પૂ. ગુરૂજીએ બ્રહ્મસ્વરૂપ કાકાજીની મૂર્તિ જેવી જ બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની પૂરા કદની આરસની મૂર્તિ બનાવવા આપી દીધી અને... **૨૦૦૭ની ૨૫મી માર્ચ**ના મંગળકારી દિવસે પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી, પ.પૂ. અક્ષરવિહારીસ્વામિજી, પ.પૂ. સાહેબ, પ.પૂ. ગુરૂજી, પ.પૂ. દિનકરભાઈ તેમજ પ.પૂ. ભરતભાઈના વરદ્ હસ્તે બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ. મૂર્તિપ્રતિષ્ઠાના બીજે જ મહિને એટલે કે–ઍપ્રીલમાં 'દિલ્હી વિકાસ પ્રાધિકરણે' મંદિર પાસેની જમીન પાર્ક બનાવવા મંદિરને સોંપી દીધી!

ગુણાતીત સમાજના મૂળભૂત સિદ્ધાંત 'સર્વદેશિયતા'ને સાકાર રૂપ આપવા પ.પૂ. ગુરૂજીએ બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની મૂર્તિ જે સ્થાપી, એનો જાણે આ જમીન દ્વારા બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીએ પોતાના વ્હાલા 'મુકુંદ' પર રાજીપો બતાવ્યો! અને... પ.પૂ. ગુરૂજી પણ ગુરૂભક્તિ અદા કરવાનું ચૂક્યા નહીં. મંદિર સાથે ખૂબ આત્મીયતાથી જોડાયેલા હરિભક્તોના સાથ-સહકારથી એક જ વર્ષમાં આ જમીન પર સુંદર બગીચો બનાવી એનો કાયાકલ્પ કરી દીધો! અને... દિલ્હી સરકાર પાસે એને **'તીન ફરવરી પાર્ક'** નામ અપાવડાવી બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીના સાક્ષાત્કારની તારીખને ઈતિહાસમાં અમર કરી દીધી!


श्री अक्षरपुरुषोत्तम स्वामिनारायण







SHREE AKSHARPURUSHOTTAM SWĀMINĀRĀYAN MANDIR

*'Taad-dev'*, Kākāji Lane, Swāminārāyan Mārg, Ashok Vihār - III, Delhi - 110 052 (India) ⋆ Tel: 011 2730 1327, 4709 1281
Fax : 011 4709 1280, E-mail: taaddev@ydsd.org